અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ઓગસ્ટ ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ ચૌદસ | અંક : ૩૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### વરૂણ ગાંધીને કોંગ્રેસમાં લેવાનો નિર્ણય પક્ષનું નેતૃત્વ કરશે



। નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને કોંગ્રેસ પાર્ટીએ ફરી એક વખત યુપીમાં અજય રાય પર દાવ લગાવ્યો છે. અજય રાયે યુપી પ્રદેશ અધ્યક્ષનું પદ સંભાળ્યા બાદથી પાર્ટી એક્શન મોડમાં છે અને કોંગ્રેસની વોટ બેંકને મજબૂત કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. હાલમાં જ તેમણે પૂર્વાંચલના પ્રમુખ બ્રાહ્મણ ચેહરે લલિતેશ પતિ ત્રિપાઠી માટે પણ કોંગ્રેસના દરવાજા ખોલી દીધા છે. આવી સ્થિતિમાં સવાલો ઉઠી રહ્યા છે કે, શું કોંગ્રેસ વરુણ ગાંધીના નામ પર પણ વિચાર કરી શકશે કે કેમ? શું અજય રાય વરુણ ગાંધીને પણ કોંગ્રેસમાં લાવવાનો પ્રયાસ કરશે. આ તમામ સવાલો પણ તેમણે ખુલીને જવાબ આપ્યા છે. પીલીભીતથી બીજેપી સાંસદ વરુણ ગાંધી પોતાના બળવાખોર વલણને લઈને ચર્ચામાં રહે છે. તેઓ અવારનવાર પાર્ટી લાઈનથી અલગ હટીને નિવેદનો આપે છે અને ભાજપ પર પ્રહાર કરવાની કોઈ તક નથી છોડતા. છેલ્લા કેટલાક દિવસોથી તેઓ ફરીથી બીજેપી વિરુદ્ધ બોલી રહ્યા છે.

### જી-૨૦ સમિટમાં વિવિધ દેશના દિગ્ગજ નેતાઓ ભાગ લેશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

જી-૨૦ શિખર સમિટના આયોજન માટે ભારતની રાજધાની નવી દિલ્હીમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ભારતના ઈતિહાસમાં કદાચ પહેલી વખત દુનિયાના દિગ્ગજ નેતાઓનો સૌથી મોટો મેળાવડો આ સમિટ દરમિયાન જોવા મળશે. જી-૨૦ ગ્રુપમાં સામેલ મોટાભાગના દેશોના ટોચના નેતાઓ સમિટ માટે ભારતની મુલાકાત લેવાના છે. એક માત્ર રશિયાના રાષ્ટ્રપતિ પુતિન આ બેઠકમાં સામેલ નહીં થાય. તેમની જગ્યાએ રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ હાજરી આપશે. મેક્સિકોનુ પ્રતિધિત્વ રકેલ બ્યૂનરોસ્ત્રો કરશે. તેઓ મેક્સિકોના નાણામંત્રી છે.

### રાજ્ય સરકારની કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસીને ૨૭ ટકા અનામત, એસસી-એસટીમાં ફેરફાર નહીં

**રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસી માટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી, સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતા**

। અમદાવાદ, તા.૨૯ ।

ગાંધીનગરમાં દર બુધવારે યોજાતી રાજ્ય સરકારની કેબિનેટની બેઠક આજે મળી છે. આવતીકાલે બુધવારે રક્ષાબંધનની રજા હોવાથી કેબિનેટની બેઠક આજે મળી છે. આજની બેઠકમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેટલાક મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં ઘણા સમયથી ચર્ચામાં રહેતા ઝવેરી પંચના રીપોર્ટ પર વિચારણા હાથ ધરાઈ હતી. કેબિનેટની બેઠકમાં ચર્ચાઓ બાદ પંચાયતમાં ઓબીસીઅનામત મુદ્દે આજે જાહેરાત કરવામાં આવી છે. ગ્રામિણ અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એસસીઅને એસટીઅનામતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે ઉપરાંત ઓબીસીને ૨૭ ટકા અનામતની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસીમાટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી છે. જ્યારે અગાઉ ઓબીસીમાટે જે ૧૦ ટકા બેઠકો હતી તે યથાવત્ રહેશે. પેશા એક્ટવાળા ૯ જિલ્લા ૬૧ તાલુકામાં વસ્તી પ્રમાણે બેઠક અને જિલ્લા, તાલુકામાં ૧૦ ટકા અનામતની ભલામણ કરાઈ છે.

**સરકારે ઓબીસી અનામત અંગે જાહેરાત કરી દેતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતાઓ છે**

ગુજરાતમાં ઓબીસીઅનામતને લઈને સરકારે ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કર્યો છે. રાજ્યમાં એક વર્ષ કરતાં વધુ સમયથી અનેક પંચાયતોમાં ઓબીસીબેઠકો ખાલી પડી છે. આ પંચાયતોમાં કોંગ્રેસે ૨૭ ટકા ઓબીસીઅનામતની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, હવે સરકારે ઓબીસી અનામત અંગે જાહેરાત કરી દેતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતાઓ છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાવાર અનામત આપી છે. કુલ બેઠકો કરતાં ૫૦ ટકાથી વધે નહીં તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ૨૦૨૨માં ઝવેરી કમિશનની રચના કરવામાં આવી અને ૨૦૨૩માં અહેવાલ મળ્યો અને ૩ મહિનામાં આ ભલામણનો અભ્યાસ કર્યા બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં અનામત અંગે નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૭ ટકા અનામત અનુસુચૂતિ જનજાતિ અને અનુસુચૂતિ જાતિ અને અન્ય પછાત વર્ગ માટે જે બેઠક છે તે માટે ભલામણ કરી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૯ જિલ્લા અને ૬૧ તાલુકામાં આદિવાસી વસ્તી ૫૦ ટકા કરતાં વધારે છે. આ વિસ્તારમાં વસ્તી પ્રમાણે બેઠક ફાળવવામાં આવશે. ૧૦ બેઠકો ઓબીસીને આપીએ છીએ તે ચાલુ રહેશે. જો ૨૫થી ૫૦ ટકા વસ્તી હશે તો નિયમ પ્રમાણે બેઠક આપવી એટલે ઓબીસી બેઠક ઘટી જાય એમ છે. એટલે એવા કિસ્સામાં સરકારે ૧૦ ટકા અનામત યથાવત રાખી છે. યુનિટનો અભ્યાસ કર્યા બાદ ૨૭ ટકા એ ૫૦ ટકા કરતા વધે નહીં તે જોવામાં આવશે. કુલ બેઠકના ૫૦ ટકા બેઠક અનામત એટલે કે ૨૭ ટકા અનામત સાથે થાય છે. ભલામણ સ્વીકારી હોય અને એમાં પણ ઓબીસીને મહત્વ અને પ્રતિનિધિત્વ મળી રહે એટલે ખૂબ ઝડપથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થાય એમાં સરકારને રસ છે.

### ઓનમ અને રક્ષાબંધનના અવસર પર કેન્દ્ર સરકારની મોટી ભેટ

# એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો

**૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે, એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઇપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે**

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઓનમ અને રક્ષાબંધનના અવસર પર મોદી સરકારે મોટી ભેટ આપી છે. મંગળવારે કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે તમામ ગ્રાહકો માટે ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવશે. તેમણે કહ્યું, "ઓનમ અને રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બધા લોકો માટે છે. બહેનો માટે આ એક મોટી ભેટ છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે પીએમ મોદીએ લાખો બહેનો માટે ભેટ આપી છે. ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે. એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઈપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે. સમગ્ર વિશ્વમાં ગેસના ભાવ વધ્યા છે, પરંતુ ભારતમાં તેની અસર ઓછી છે. ઉજ્જવલા યોજના હેઠળ પહેલાથી જ ૨૦૦ની સબસિડી હતી, જ્યારે આજથી ૨૦૦ લોકોને અલગ સબસિડીનો લાભ મળશે. એટલે કે હવે ઉજ્જવલા સ્કીમ હેઠળ આવનારને ૪૦૦ રૂપિયાની સબસિડી મળશે.



**રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો**

ચંદ્રયાન-૩નો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેબિનેટે વૈજ્ઞાનિકોની ઐતિહાસિક સિદ્ધિની પ્રશંસા કરી છે. તેમણે જાહેરાત કરી કે દર વર્ષે ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૩ મિશનની સફળતા માત્ર ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRP)ની જીત નથી, પરંતુ વૈશ્વિક મંચ પર ભારતની પ્રગતિ અને પ્રગતિનું પ્રતીક પણ છે.કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ચંદ્રયાન-૩ની સફળતામાં મહિલા વૈજ્ઞાનિકોનું ઘણું મહત્વ છે. આ માટે અમને ગર્વ છે. તેમણે વધુમાં કહ્યું કે, ચંદ્રયાન-૩ની સફળતાથી ભારતે વિશ્વમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. આજે આખો દેશ ચંદ્રયાનની સફળતાની ઉજવણી કરી રહ્યો છે. ચંદ્રયાનની સફળતા એ માત્ર ભારતના અવકાશ મિશન સાથે જોડાયેલા લોકોની સિદ્ધિ નથી, સમગ્ર ભારતની સિદ્ધિ છે.

### ઈન્ડિયામાં નીતિશ કુમારને આંચકો લાગી શકે છે

## મલ્લિકાર્જુન ખડગેને ઈન્ડિયાના કન્વિનર બનાવાય એવી શક્યતા

। નવી દિલ્હી, તા.૨૯ ।



શરૂઆતથી જ એવી અટકળો હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ઈન્ડિયાગઠબંધનના કન્વીનર બનાવવામાં આવશે, પરંતુ હવે તેને આ વાત પર મોટો ઝટકો લાગી શકે છે. સુત્રો પરથી મળતી જાણકારી અનુસાર, હવે નીતિશ કુમારની બદલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કન્વીનર બનાવવામાં આવી શકે છે. આ સિવાય અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે. ૩૧મી ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનારી બેઠકમાં તેની જાહેરાત થઈ શકે છે. એટલું જ નહીં, આ દરમિયાન ઈન્ડિયાએલાયન્સના લોગોનું અનાવરણ થઈ શકે છે અને દિલ્હીમાં હેડક્વાર્ટર બનાવવાની જાહેરાત પણ થઈ શકે છે.જેડીયુના સૂત્રોનું કહેવું છે કે, નીતિશ કુમારે પોતે કન્વીનર બનવાની ના પાડી દીધી છે. તેમના વતી કોંગ્રેસને તેના એક નેતાને કન્વીનર તરીકે નિયુક્ત કરવા કહેવામાં આવ્યું છે.

### કલમ ૩૭૦ પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું

## જમ્મુ કાશ્મીરમાં 35A એ ભારતીયોના ત્રણ મૌલિક અધિકારો છીનવી લીધા

**કલમ ૩૭૦ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને બંધારણમાં કલમ ૩૫છ ઉમેરવામાં આવી હતી, ઓગસ્ટ ૨૦૧૯ માં કલમ ૩૭૦ નાબૂદ કરવાની સાથે ૩૫છ પણ રદ કરવામાં આવી હતી**

। નવી દિલ્હી, તા.૨૯ ।

બંધારણની કલમ 35A, જેણે અગાઉના જમ્મુ અને કાશ્મીર રાજ્યના કાયમી રહેવાસીઓને વિશેષ અધિકારો આપ્યા હતા, તેણે ખરેખર ભારતના લોકોના તમામ મૂળભૂત અધિકારો છીનવી લીધા હતા. સુપ્રીમ કોર્ટે સોમવારે (૨૮ ઓગસ્ટ) જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરવાની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. ભારતના ચીફ જસ્ટિસ ધનંજય વાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બંધારણીય બેન્ચે કહ્યું હતું કે કલમ ૩૫છ, જેને ૧૯૫૪ માં રાષ્ટ્રપતિના આદેશ દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવી હતી. તેણે લોકોને ઓછામાં ઓછા ત્રણ મૂળભૂત અધિકારોથી વંચિત કર્યા હતા. આ ત્રણ મૂળભૂત અધિકારો છીનવી લીધા જેમાં ૧- કલમ ૧૬(૧) હેઠળ સાર્વજનિક નોકરીઓમાં તમામ નાગરિકો માટે અવસરની સમાનતા, ૨- કલમ ૧૯(૧)(એફ) અને ૩૧ હેઠળ મિલકતોનું સંપાદન, ૩- કલમ ૧૯(૧)(ઈ) હેઠળ દેશના કોઈપણ ભાગમાં સ્થાયી થવાનો અધિકારનો સમાવેશ થાય છે. બેન્ચે ટિપ્પણી કરી હતી કે ૧૯૫૪ના બંધારણીય આદેશે જમ્મુ કાશ્મીર માટે ભાગ III (મૂળભૂત અધિકારો સાથે સંબંધિત) લાગુ કર્યો હતો પરંતુ તે જ ક્રમમાં કલમ 35A બનાવવામાં આવી હતી.

### તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનને રાહત

## તોશાખાના કેસમાં ઈમરાન ખાનની સજા પર ઈસ્લામાબાદ હાઈકોર્ટની રોક

। ઈસ્લામાબાદ, તા.૨૯ ।



તોશાખાના કેસમાં જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના નેતા ઈમરાન ખાનને મોટી રાહત મળી છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સજા પર રોક લગાવી દીધી છે. આ સાથે જ પાકિસ્તાનની ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઈમરાન ખાનની તરફેણમાં ચુકાદો આપતા મુક્ત કરવાનો આદેશ પણ આપ્યો હતો. ઈમરાન ખાન પર સરકારી ગિફ્ટ્સ સસ્તા ભાવે ખરીદવાનો અને પછી તે જ ભેટોને ઊંચા ભાવે વેચવાનો આરોપ હતો. ઈસ્લામાબાદ હાઈકોર્ટે સોમવારે તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઈમરાન ખાનની ત્રણ વર્ષની જેલની સજાને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. IHCના ચીફ જસ્ટિસ આમિર ફારુક અને જસ્ટિસ તારિક મહમૂદ જહાંગીરીની ડિવિઝન બેન્ચે બંને પક્ષકારોના વકીલને સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો. નીચલી અદાલતે ૫ ઓગસ્ટે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના વડા ખાનને દોષિત ઠેરવ્યો હતો અને તેને આ કેસમાં ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. ઈમરાન ખાન પર ૨૦૧૮-૨૦૨૨ દરમિયાન તેમના કાર્યકાળ દરમિયાન તેમને અને તેમના પરિવાર દ્વારા મળેલી સરકારી ભેટોને ગેરકાયદેસર રીતે વેચવાનો આરોપ હતો. આ કેસમાં સેશન્સ કોર્ટે તેને દોષિત ઠેરવ્યો હતો. તેમના પર પાંચ વર્ષ માટે રાજનીતિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કારણે તે આગામી સામાન્ય ચૂંટણીમાં પણ ભાગ લઈ શકશે નહીં. પાકિસ્તાનના કાયદા અનુસાર, વિદેશી રાજ્યના મહાનુભાવો તરફથી મળેલી કોઈપણ ભેટને સ્ટેટ ડિપોઝિટરી એટલે કે તોશાખાનામાં રાખવાની હોય છે.

# પાલઘર નજીર ટ્રકમાં આગથી હાઈવે પર ટ્રાફિક જામ

। મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્રના પાલઘર નજીકના મેળવી હાઈવે પર આજે મંગળવારે મુંબઇ તરફ જઇ રહેલી ટ્રકમાં આગ સળગી ઉઠતા ભારે દોડધામ મચી ગઇ હતી. ઘટના બાદ લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે હાઈવે પર વાહનોની લાંબી લાંબી કતાર લાગી જતા ટ્રાફિકજામ થઇ ગયો હતો. મળતી માહિતી અનુસાર આજે મંગળવારે વહેલી સવારે માલસામાન ભરેલી ટ્રક મુંબઇ તરફ જઇ રહી હતી. તે વેળા મહારાષ્ટ્રના પાલઘર નજીકમા મેળવી હાઈવે પર અચાનક ટ્રકમાં આગ લાગી હતી. જોતજોતામાં આખી ટ્રક લપેટમાં આવી જતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગને પગલે પોલીસનો કાફલો પહોંચી ગયા બાદ લાશ્કરોની મદદથી આગ પર કાબુ મેળવવા કવાયત હાથ ધરાઈ હતી. લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ઘટનાને પગલે મુંબઇ તરફ જતા માર્ગ પર વાહનોની લાંબી લાંબી કતાર લાગી જતા ટ્રાફિકજામ થઇ ગયો હતો. આગ કાબુમાં લીધા બાદ ટ્રાફિક હળવો થયો હતો. આગ શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવાયું છે. આ ઘટનામાં જાનહાની અંગે કોઈ વિગત બહાર આવી નથી.



## હિંદુ સંગઠનો બાદ સરપંચ એસોસિએશન, કરણી અને ક્ષત્રિય સેનાએ વિરોધ નોંધાવ્યો

। ખેડા, તા.૨૯ ।

ડાકોરમા VIP દર્શન બંધ કરવાની માગ સાથે વિવિધ સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ સમિતિએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં VIP દર્શન બંધ સહિત અધિકારીને વિવિધ સાત માંગની રજૂઆત કરાઈ હતી. ડાકોર દર્શનનો વિવાદ દિવસે દિવસે વધુ વકરી રહ્યો છે. હિંદુ સંગઠનો બાદ હવે સરપંચ એસોસિએશન, કરણી સેના અને ક્ષત્રિય સેના મેદાનમાં આવ્યા છે. આ સંગઠનોએ રૂપિયા લઈને ડાકોરમાં VIP દર્શન બંધ કરવાની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ સમિતિએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં VIP દર્શન બંધ સહિત અધિકારીને વિવિધ સાત માગની રજૂઆત કરાઈ હતી. વિરોધ સમિતિઓની સાત માગ પર નજર કરીએ તો, રૂપિયા લઈને ડાકોરમાં VIP દર્શન બંધ થવા જોઈએ, સ્ત્રીઓની લાઈનમાં ફક્ત સ્ત્રીઓ હોવી જોઈએ, બોડાણાજીનું પુરાતન મંદિરનો વિકાસ અને બોડાણાજીના વંશજમાંથી એક વ્યક્તિને ટ્રસ્ટમાં સામેલ કરવામાં આવે, આ સાથે ડાકોર મંદિરમાં સારું અન્નક્ષેત્રનું નિર્માણ થાય તેમજ ગોમતી ઘાટની સાફ સફાઈ કરી સ્વચ્છ રાખવામાં આવે આ ઉપરાંત ડાકોર બસ સ્ટેન્ડથી મંદિર સુધીના માર્ગનું નામ બોડાણા રાખવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

## વિપક્ષી નેતા બનવા કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ખેંચતાણ

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ કોંગ્રેસમાં એક સાંધો ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસના ચૂંટાયેલા જૂજ કોર્પોરેટરો વચ્ચે પણ એકતા નથી. વિપક્ષી નેતાનું પદ મેળવવા માટે ફરી એકવાર અંદરો-અંદર ખેંચતાણ શરૂ થઈ છે. ગોમતીપુર વોર્ડના કોર્પોરેટર ઈકબાલ શેખ અને અન્ય આગેવાનોએ વિપક્ષી નેતા બદલવા માટે સામાન્ય સભામાંથી વોકઆઉટ કર્યું હતું. આ જૂથના સભ્યોની માંગ છે કે મોવડી મંડળે એક વર્ષ બાદ વિપક્ષી નેતા બદલાશે તેવું વચન આપ્યું હતું. ત્યારે હવે ઝડપ થી વચન પર અમલ કરીને છસ્ઝમાં વિપક્ષી નેતા બદલવામાં આવે. છસ્ઝમાં વિપક્ષના નેતા અને દાણીલીમડા વોર્ડના કોર્પોરેટર શહેજાદખાન પઠાણે સામાન્ય સભામાંથી કોંગ્રેસના સભ્યોના વૉકઆઉટને ચિંતાજનક ગણાવ્યું છે. આ સાથે જ કહ્યું કે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને મળી ગેરશિસ્ત કરનારા આગેવાનો સામે પગલા લેવાની રજૂઆત કરવામાં આવશે.



આજે ક્ષાબંધનનો તહેવાર હોવાથી ગીતા મંદિર એસટી સ્ટેન્ડ પરથી પોતાના વતન તરફ જઈ રહેલ લોકો.

## વરણા ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો નિષ્ફળ પ્રયાસ

। વડોદરા, તા.૨૯ ।

વડોદરાના વરણામાં મોટી દુર્ઘટના ટળી છે. વરણા ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. આ સાથે જ ટ્રેક ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પાઈલટની સતર્કતાથી ૨ એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે. આ સમગ્ર મામલે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. વડોદરાના વરણામાં ઈટોલા વચ્ચે રેલવે ટ્રેક પર પોલ મૂકી ટ્રેન ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. મોડી રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતા મામલો સામે આવ્યો હતો. કેટલાક અસામાજીક તત્વોએ મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૨ ટ્રેનના પાયલોટની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી હતી. ઓખા શાલીમાર એક્સપ્રેસ અને અમદાવાદ પુરી એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે. આ મામલે સિનિયર સેક્શન એન્જિનિયરે ફરિયાદ કરતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. ગઈ કાલે રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો.

### યુવતી અને યુવકના ફોટા પાડી બ્લેકમેઈલ કરતા

## વડોદરામાં કોમવાદ ફેલાવતો વીડિયો બનાવનાર ૩ની ધરપકડ કરાવમાં આવી

### બે અલગ અલગ ધર્મના યુવક યુવતી સાથે બેઠેલા છે તો તેઓ તરત ત્યાં પહોંચી જતા અને ફોટો વીડિયો લઈ હોબાળો પણ મચાવતા હતા

। વડોદરા, તા.૨૯ ।

વડોદરામાં કોમી વૈમનસ્ય ફેલાય તેવો વીડિયો બનાવવા મુદ્દે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ત્રણ યુવકોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જે તમામે થોડા સમય અગાઉ યુવતી સાથે ફરતા એક યુવકનો કોલર પકડીને નામ પૂછી ઉશ્કેરાટ થાય તેવો વીડિયો બનાવ્યો હતો. જે બાદ વીડિયો વાયરલ થતાં સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. જે તપાસ બાદ પોલીસ ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. પોલીસે સમગ્ર બાબતની ઉંડાણ પૂર્વક તપાસ હાથ ધરતા અનેક ખુલાસાઓ થયા છે. સમગ્ર મામલે ડીસીપી અભય સોનીએ જણાવ્યું કે, આ આરોપી વોટ્સએપ માં ગ્રૂપ ચલાવતા હતા, જે માધ્યમથી તેમને જાણ થતી કે બે અલગ અલગ ધર્મના યુવક યુવતી સાથે ફરી રહ્યાં છે. ત્યાર બાદ તે યુવતી અને યુવકના ફોટા પાડી લેતા હતા, ત્યારબાદ બ્લેકમેઈલ કરતા હતા. ડીસીપી અભય સોનીએ જણાવ્યું કે, વોટ્સએપ ગ્રૂપ ચલાવતા ત્રણય ગ્રૂપ એડમિનની ધરપકડ કરી છે તેમજ અન્ય લોકોની પણ પૂછપરછહાથધરીછે.વિગતવારમાહિતી આપતા જણાવ્યું કે, આ યુવાનોની આખી ટીમ છે જે યુવતીઓ પર નજર રાખતી હતી. ત્યારબાદ તેમને જાણ થતી કે, બે અલગ અલગ ધર્મના યુવક યુવતી સાથે બેઠેલા છે તો તેઓ તરત ત્યાં પહોંચી જતા અને ફોટો વીડિયો લઈ હોબાળો પણ મચાવતા હતા. પરિવારને વીડિયો બતાવી વાયરલ કરવાની ધમકીઓ પણ આપતા હતા.

અભય સોનીએ જણાવ્યું કે, આ આોરોપીઓ એક ગ્રુપ બનાવીને તેને ફક્ત ૪ મહિના જ એક્ટિવ રાખતાં હતા, ત્યારબાદ ડિલિટ કરી નાખતાં હતા. બાદમાં નવું ગ્રુપ બનાવી ફરીથી કોમી વૈમનસ્ય ફેલાય તેવા વીડિયો નાખતાં હતા. તેઓ મોબ લિન્ચિંગ પણ કરતા હતાં. રમખાણો થાય, કોમી ભડકો થાય તેવી પ્રવૃત્તિ પણ કરતા હતા.

### વરસાદે વિરામ લેતા ખેડૂતોની પરિસ્થિતિ દયનિય બની

## વરસાદ ખેંચાતા ધરતીપુત્રોની ચિંતામાં વધારો, પાક નિષ્ફળ જવાની ભીતિ

### ખેડૂતોની માંગ છે કે ત્વરિત વીજળી ૧૦ કલાક આપવામાં આવે અથવા તો પિયતના પાણી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે

। બનાસકાંઠા, તા.૨૯ ।

બનાસકાંઠા જિલ્લામાં વરસાદે વિરામ લેતા ખેડૂતોની પરિસ્થિતિ દયનિય બની છે. છેલ્લા દોઢ મહિનાથી વરસાદ ન વરસતા ચોમાસુ સિઝનમાં વાવેતર કરેલો પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. ખેડૂતોની માંગ છે કે ત્વરિત વીજળી ૧૦ કલાક આપવામાં આવે અથવા તો પિયતના પાણી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. બનાસકાંઠા જિલ્લામાં વાવાઝોડા બાદ માત્ર એક વરસાદ વરસ્યો છે. જિલ્લામાં જો વાત કરવામાં આવે તો અત્યાર સુધી માત્ર ૭૨ ટકા વરસાદ વરસતા હાલ પરિસ્થિતિ દયનિય બની છે ખાસ કરીને વાત કરવામાં આવે તો ધરતીપુત્રોની ચિંતામાં પણ વધારો થયો છે. ચોમાસુ સિઝનનું વાવેતર કર્યાના દોઢ મહિનો પસાર થયો છતાં પણ વરસાદે દસ્તકના દેતા હાલ બાજરી, મગફળી, જુવાર, ગુવાર સહિતના ચોમાસુ પાકમાં ભારે નુકસાન જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. એક તરફ આઠ કલાક વીજળી મળતા હાલ ખેડૂતોને પિયત કરવું મુશ્કેલ બન્યું છે.

ખેડૂતોની માંગ છે કે ૧૦ કલાક સરકાર દ્વારા વિજળી આપવામાં આવે તો બીજી તરફ પાણીના તળ ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઊંડા જતા ખેડૂતોને પાણી ખેંચવા ડબલ મોટરનો માર થાય છે. ત્વરિત સરકાર દ્વારા પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. જિલ્લામાં ખેડૂતોએ વાવાઝોડા બાદ વધુ પ્રમાણમાં વાવેતર કર્યું હતું. પરંતુ વરસાદે વિરામ લેતા હાલ પાક નિષ્ફળ જવાની ખેડૂતોને ભીતી સતાવી રહી છે. ધાનેરાના બોર્ડર વિસ્તારના ગામડાઓમાં પણ વરસાદ ના આવતા હાલ વાવેતર કરેલો પાક સુકાઈ જવાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે.

## પુત્રના મોતના સમાચાર સાંભળીને માતાએ પણ છોડ્યા પ્રાણ

। ભાવનગર, તા.૨૯ ।

શહેરનો એક કરૂણ કિસ્સો હાલ ઘણી જ ચર્ચામાં છે. શહેરમાં મિલિટ્રી સોસાયટીમાં રહેતા પુત્ર અને માતાનું માત્ર છ કલાકના ગાળામાં મોત નીપજ્યુ છે. પુત્રનું રાતે બાર કલાક બાદ મોત નીપજ્યું હતુ. જે સમાચાર જીરવી ન શકતા માતાએ પણ સવારે છ વાગ્યાની આસપાસ પોતાનો જીવ છોડી દીધો હતો. હાલ આ સમાચારને કારણે પરિવાર સહિત આખા વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. આ અંગે મળતી વિસ્તૃત જાણકારી પ્રમાણે, ભાવનગરની મિલિટ્રી સોસાયટીમાં પ્લોટ નંબર ૧૭૪માં રહેતા કમલેશભાઈ ચંપકલાલ ઠાકરને આંતરડાનું કેન્સર હતુ. તેઓ ઘણાં સમયથી આ બીમારીને કારણે પીડાતા હતા. કમલેશભાઈ ભાવનગર આઈટીઆઈમાં ફોરમેન તરીકે નોકરી કરતા હતા. આ સાથે તેઓ કર્મયોગી મંડળીમાં ડાયરેક્ટર પણ હતા. તેમનું મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યા આસપાસ બીમારીને કારણે નિધન થયું હતું. બીજી બાજુ તેમના માતા મંગલાબેન ઠાકર પણ બીમાર રહેતા હતા. તેઓની ઉંમર ૯૫ વર્ષ જેટલી હતી. તેઓ વધતી ઉંમરને કારણે બીમાર રહેતા હતા. માતાએ જ્યારે પુત્રના નિધનના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ પણ આ દુખ જીરવી ન શક્યા અને તેમણ પણ પોતાનું પ્રાણ પંખેરુ છોડી દીધું હતુ. માત્ર થોડા જ કલાકોમાં પુત્ર અને માતાની અચાનક વિદાયને કારણે પરિવાર શોક મગ્ન બન્યું હતુ. થોડા સમય પહેલા રાજકોટમાં એક કરૂણ કિસ્સો સામે આવ્યો હતો. શહેરના ભાવનગર રોડ પર આવેલા શિવાજીનગરમાં રહેતા સિરાઝે આપઘાત કરી લીધો હતો. જેમને સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પુત્રનો મૃતદેહ જોઈ માતા મુમતાઝબેન તુરંત નવાગામ આવાસમાં આવેલ પોતાના ઘરે દોડી ગયા હતા.

# વિશેષ લેખ

### ચંદ્રયાન-૩એ ચન્દ્રની દક્ષિણ ધ્રુવની સપાટી પરનું તાપમાન માપ્યું


# દક્ષિણધ્રુવની સપાટીનુ તાપમાન નોંધાનારો ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો

### ચંદ્રની સપાટીનું તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ છે । ૮૦ મીમીની અંદર ગયા પછી, તાપમાન -૧૦ ડિગ્રી સુધી ઘટી જાય છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ






દક્ષિણ ધ્રુવ ની સપાટી પર ચંદ્રની સપાટીની ઉપરનું અને નીચેનું તાપમાન કેટલું છે તેની માહિતી શોધી કાઢી છે. ચન્દ્રયાન -૩દ્વારા વિક્રમ લેન્ડરને દક્ષિણધ્રુવની સપાટીનુ તાપમાન નોંધવામાં સફળતા મળી છે.ઈસરોએ ચન્દ્રની સપાટીના તાપમાનનો ગ્રાફ જાહેર કર્યોછે. આમ ચન્દ્રની ધરતી પર દક્ષિણધ્રુવની સપાટીનુ તાપમાન નોંધાનારો ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ચંદ્રની બીજી બાજુ વિશે કોઈ જાણતું નથી ત્યારે કરોડો વર્ષથી દક્ષિણ ધ્રુવ પર જ્યાં આજદિન સુધી સૂર્યનુ કિરણ પહોંચ્યું નથી એવા અંધારા અને ઠંડા પ્રદેશનુ તાપમાન કેટલું હશે એની અત્યાર સુધી કોઈને જાણ નહોતી. પરંતુ ઈસરોના વિજ્ઞાનિકોએ દક્ષિણ ધ્રુવ તાપમાન માપીને એક નવો વિશ્વવિક્રમ પણ રેકોર્ડ કર્યો છે. લેન્ડર વિક્રમ પર પેલોડ ચંદ્ર સરફેસ થર્મોફિઝિકલ એક્સપેરીમેન્ટ (ChaST) પેલોડદ્વારા ચંદ્રની સપાટીના તાપમાનની પ્રોફાઈલિંગથી વૈજ્ઞાનિકો પણ આશ્ચર્ય ચકિતથઈ ગયા છે. વૈજ્ઞાનિક બીએચએમ દારુકેશાએ કહ્યું કે આટલું તાપમાન હોવું આશ્ચર્યજનક છે. વિક્રમના પેલોડમાં તાપમાન માપ વા માટેનું એક ઈકિવપમેન્ટ છેજેનું નામ SHaSTE (ચંદ્રાયન્સ થર્મો ફિઝિકલ સ્પેક્ટોમીટર) છે. જેણે ચંદ્રની સપાટીની અંદર રહેલા ઉષ્મીય ગુણ ચકાસણી કરી. તે માટે આ ઉપકરણથી ચન્દ્રની સપાટીની અંદર ૧૦સેમી એટલે કે ૪ ઈંચ ઊંડો સળીયો દાખલ કરી ચન્દ્રની ધરતીની અંદરનું તાપમાન કેટલું હોય છે તે નક્કી કર્યુ. આ ઈકિવપમેન્ટમાં ૧૦ અલગ અલગ તાપમાન સેન્સર લગાવવામાં આવ્યા છે. જેનાથી વિવિધ ઉંડાણો પર ચંદ્રની સપાટી અને નજીકની સપાટીના તાપમાનના ફેરફારો નોંધ્યા હતાં. ISRO દ્વારા શેર કરવામાં આવેલા ગ્રાફ અનુસાર, ચંદ્રની સપાટીનું તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ છે. ઊંડે જતાં તાપમાનમાં ઝડપથી ઘટાડો થાય છે. ૮૦ મીમીની અંદર ગયા પછી, તાપમાન -૧૦ ડિગ્રી સુધી ઘટી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એવું લાગે છે કે ચંદ્રની સપાટી ગરમી જાળવી રાખવામાં સક્ષમ નથી.પૃથ્વી પરની સપાટીના અંદર ના તાપમાનની વાત કરીએ તો બે થી ત્રણ સેન્ટિમીટરની ઊંડાઈએ આપણે ભાગ્યે જ બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપ માનનો તફાવત જોઈએ છીએ.જ્યારે ચંદ્રની સપાટી પરનુ તાપમાન લગભગ ૫૦ ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું છે.જયારે દક્ષિણ ધ્રુવની સપાટી પર ૮૦મિમિ ઊંડાઈએ તાપમાન -૧૦ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું છે. સપાટી પર ૫૦ડિગ્રીનુ ઊંચું તાપમાન અને સપાટી ની નીચે માઈનસ તાપમાન જોઈને વૈજ્ઞાનિકો ને આશ્ચર્ય થયું છે. તાપમાનનો આટલો મોટો તફાવત કેમ છે એ વૈજ્ઞાનિકો માટે નવો સંશોધનનો વિષય બન્યો છે. એનો મતલબ એ થયો કે દક્ષિણ ધ્રુવની સપાટી કેટલી ગરમ છે! ઉપરની સપાટીનુ તાપમાન ૫૦ડિગ્રી, નીચે જતાં ૨૦મિમિ ઊંડાઈએ તાપમાન ઘટીને ૪૦ ડિગ્રી, ૪૦મિમિ ઊંડાઈએ તાપમાન ઘટીને ૩૦ડિગ્રી, ૬૦મિમિ ઊંડાઈએ તાપમાન ઘટીને ૧૦ડિગ્રી અને ૮૦ મિમિ ઊંડાઈએ તાપમાન ઘટીને -૧૦ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઈસરો દ્વારા પોસ્ટ કરવામાં આવેલ તાપમાનનો ગ્રાફ બહાર પાડતા વિક્રમ લેન્ડર પરના CHEST પેલોડે ચંદ્રની સપાટીની થર્મલ વર્તણૂકને સમજવા માટે દક્ષિણ ધ્રુવની આસપાસ ચંદ્રની ઉપરની જમીનની તાપમાન પ્રોફાઈલ માપી છે. લેન્ડર વિક્રમના ChaST પેલોડ ઈન્સ્ટ્રૂમેન્ટ વહન કરે છે, જેમાં તાપમાન માપવા માટે ૧૦ સેન્સર હોય છે. ઉપકરણ કંટ્રોલ એન્ટ્રી સિસ્ટમની મદદથી સપાટીની નીચે ૧૦ સેમીની ઊંડાઈ સુધી પહોંચવામાં સક્ષમ છે. પેલોડને સ્પેસ ફિઝિક્સ લેબોરેટરી (એસપીએલ)ની ટીમ દ્વારા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ), અમદાવાદના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.

ચંદ્રયાન-૩એ ચંદ્રના દક્ષિણ ધ્રુવની સપાટીના તાપમાન પર પ્રથમ તારણો મોકલ્યા પછી વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે, સપાટીની નજીકનું તાપમાન ૭૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની અપેક્ષા નહોતી. જે સપાટી પર ચંદ્રયાન ૩ લેન્ડ થયું અને તેના પ્રયોગો કરી રહ્યું છે, ત્યાં તાપમાન ૨૦ ડિગ્રી સેન્ટીગ્રેડથી ૩૦ ડિગ્રી વચ્ચે રહેવાનો અંદાજ હતો. આપણે બધા માનતા હતા કે સપાટી પરનું તાપમાન ૨૦ ડિગ્રી સેન્ટિગ્રેડથી ૩૦ ડિગ્રી સેન્ટિગ્રેડની આસપાસ હોઈ શકે છે, પરંતુ તે ૫૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન ઈસરોના વૈજ્ઞાનિક બી એચ દારુકેશાએ કહ્યું, 'આ આશ્ચર્યજનક રીતે અમારી અપેક્ષા કરતાં વધુ છે. પૃથ્વી પર ભાગ્યે જ આવી કોઈ ભિન્નતા છે અને તેથી ચંદ્રયાન ૩ ના પ્રથમ તારણો ખૂબ જ રસપ્રદ છે. જ્યારે આપણે પૃથ્વીની અંદર બે થી ત્રણ સેન્ટિમીટર જઈએ છીએ, ત્યારે આપણે ભાગ્યે જ બે થી ત્રણ ડિગ્રી સેન્ટિગ્રેડની વિવિધતા જોતા હોઈએ છીએ, જ્યારે ત્યાં તે લગભગ ૫૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તફાવત છે. આ કંઈક રસપ્રદ છે. આ તાપમાન દિવસ દરમિયાન તાપમાન માપવામાં આવ્યું છે, કારણ કે ચંદ્ર પર હજુ પણ એકચંદ્ર દિવસ ચાલે છે. ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે ચંદ્રયાન-૩ના 'સોફ્ટ લેન્ડિંગ' માટે દક્ષિણ ધ્રુવને પસંદ કરવાનું કારણ જણાવતા કહ્યું હતું કે દક્ષિણ ધ્રુવ સૂર્યથી ઓછો પ્રકાશિત હોય છે.



ન્યુ યોર્કમાં યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપના પ્રથમ રાઉન્ડ દરમિયાન તેમની મેચ જીત્યા પછી, યુનાઇટેડ સ્ટેટ્સના ડાબેરી કોકો ગોફ, જર્મનીની લૌરા સિગેમન્ડ સાથે હાથ મિલાવે છે.

# પુલવામા આતંકી હુમલાને લીધે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવી પડી

## નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપતા સોલિસિટર જનરલે ૩૭૦મી કલમની નાબૂદી બાદ રાજ્યમાં શાંતિ સ્થપાઈ હોવાન દાવો કર્યો

। નવી દિલ્હી, તા.૨૯ ।

ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાને કારણે કેન્દ્ર સરકારને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની ફરજ પડી હતી. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, આ નિર્ણય સાથે જમ્મુ અને કાશ્મીરને દેશના બાકીના ભાગોમાં સંપૂર્ણપણે વિલીન કરી દેવામાં આવ્યું છે. આ દરમિયાન તેમણે નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપ્યો અને કહ્યું કે, આ સાચું છે કે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. પરંતુ આનાથી રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ છે.આ દરમિયાન તેમણે કલમ ૩૫એનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તે જમ્મુ-કાશ્મીરના લોકો વચ્ચે ભેદભાવ કરે છે. ત્યાં રહેતા લાખો લોકોને મતદાન, શિક્ષણ અને સમાન રોજગારની તકો જેવા મૂળભૂત અધિકારો પણ મળ્યા નથી. તેમણે કહ્યું કે, ચીફ જસ્ટિસે પણ સ્વીકાર્યું છે કે કલમ ૩૫એ લોકો સાથે ભેદભાવ કરતી હતી. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના નિર્ણયને સાચો ગણાવતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ ૫ છી એવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, જેનાથી બંધારણનું ઉલ્લંઘન થયું હોય.રાજ્યની બે મોટી પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ કેન્દ્રના નિર્ણય વિરુદ્ધ અપીલ દાખલ કરી છે. બંને પક્ષોનું કહેવું છે કે, આના કારણે રાજ્યની સ્વાયત્તતા છીનવાઈ ગઈ છે. તેના પર કેન્દ્ર સરકારે કહ્યું કે સત્ય એ છે કે કલમ ૩૭૦ હટાવ્યા પહેલા લોકોને ઘણા મૂળભૂત અધિકારો નહોતા. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના ગૌરવના નામે આ પક્ષોએ હંમેશા લોકોને તેમના અધિકારોથી વંચિત રાખ્યા છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના ગૌરવના નામે આ પક્ષોએ હંમેશા લોકોને તેમના અધિકારોથી વંચિત રાખ્યા છે.

### પાકિસ્તાનમાં મોંઘવારી આસમાને, લોકોને લોટનાં ફાંફા

# લોટ ચોરી કરતા પકડાયેલા કિશોરને દુકાનદારે થાંભલા સાથે બાંધીને ફટકાર્યો

## વીડિયો વાયરલ થયા બાદ લોકોનો આક્રોશ ભભૂકી ઉઠ્યો, પોલીસ હરકતમાં આવી હતી અને આરોપી દુકાનદારની ધરપકડ કરવામાં આવી

। ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાનમાં મોંઘવારીએ લોકોની કમર તોડી નાંખી છે. લોટ જેવી ખાવા પીવાની વસ્તુઓના ભાવ આસમાને છે. આ પ્રકારના સંજોગોમાં લોકો લોટની પણ ચોરી કરવા મજબૂર છે. પંજાબ પ્રાંતના મિયાં ચન્નુ વિસ્તારમાં એક દુકાનમાંથી લોટની ચોરી કરતા પકડાયેલા કિશોરને દુકાનદારે થાંભલા સાથે બાંધીને ઢોર માર માર્યો હતો. જેનો વિડિયો વાયરલ થયા બાદ લોકોનો આક્રોશ ભભૂકી ઉઠ્યો હતો. દુકાનદાર સામે કાર્યવાહી કરવાની માંગણી થવા માંડી હતી. એ પછી પોલીસ હરકતમાં આવી હતી અને આરોપી દુકાનદારની ધરપકડ કરવામાં આવી હતી. થોડા સમય પહેલા પણ પાકિસ્તાનાં લોટની અછત સર્જાઈ હતી. જેના કારણે લોટ લેવા લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી હતી. એવી હાલત હતી કે, મફત લોટ માટે એક જગ્યાએ ભાગદોડ થઈ હતી અને તેમાં ૨૦ લોકોના મોત થયા હતા.પાકિસ્તાનમાં એમ પણ મોંઘવારી રેકોર્ડ સ્તરે છે.

### ભાજપ-કોંગ્રેસનું ટેન્શન વધારશે ઓવૈસી

# અસદુદ્દીન ઓવૈસી તેલંગણાના મુખ્યમંત્રીની આગેવાનીમાં બનાવી શકે છે ત્રીજો મોર્ચો

## તેલંગણાના મુખ્યમંત્રીને અમે લીડ કરવા માટે કહ્યું છે, ઘણી પાર્ટીઓ અમારી સાથે આવી શકે છે, હજુ તો ખેલ શરુ થયો છે

। હૈદરાબાદ, તા.૨૯ ।

અસદુદ્દીન ઓવૈસીએ તેલંગણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને ત્રીજા મોર્ચાનો ઉલ્લેખ કરીને રાજકીય રીતે મોટુ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અભી તો ખેલ શરુ હુઆ હૈ. અસદુદ્દીન ઓવૈસીની આ ટિપ્પણી લોકસભા ચૂંટણી ૨૦૨૪થી પહેલા બનેલી વિપક્ષી ઈંડિયા ગઠબંધનના ૨૬ દળ સામે આવ્યા છે. આપને જણાવી દઈએ કે, વિપક્ષી ગઠબંધન ભાજપને હરાવવા માટે કોઈ કસર છોડવા માગતા નથી. વિપક્ષ ગઠબંધનની આગામી બેઠક મુંબઈમાં આયોજીત થવાની છે. જેમાં સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે, વિપક્ષમાં હજુ અન્ય કેટલીય પાર્ટીઓ સામેલ થઈ શકે છે. એઆઈએમઆઈએમ પ્રમુખ ઓવૈસીએ આજે વિપક્ષી ગઠબંધન ઈંડિયા પર ટાર્ગેટ કરતા કહ્યું કે, જે તેમના ઈંડિયા (ગઠબંધન) સાથે નથી, તેમને તે કમ્યૂનલ કહે છે. ઓવૈસીએ કહ્યું કે, એવા કેટલાય રાજકીય દળ છે, જે મળીને ત્રીજો મોર્ચો બનાવી શકે છે. તેલંગણાના મુખ્યમંત્રીને અમે લીડ કરવા માટે કહ્યું છે.

### મિડકેપ-સ્મોલકેપ શેરોમાં જોરદાર ઉછાળો જોવાયો

# મામૂલી તેજી સાથે બંધ થયા સેન્સેક્સ અને નિફ્ટી

## નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૩૪૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો

। મુંબઈ, તા.૨૯ ।

આ સપ્તાહમાં ફરી એકવાર સપાટ ચાલ સાથે શેર બજાર બંધ થયું છે, આજે શેર માર્કેટમાં બન્ને ઈન્ડેક્સ આજે અપ રહ્યાં છે. આ અઠવાડિયે સતત બીજા ટ્રેડિંગ સત્રમાં ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ આજના સત્રમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. સેન્સેક્સ ફરી ૬૫,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૮૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૦૭૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પૉઈન્ટના ઉછાળા સાથે ૧૯,૩૪૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના સેશનમાં ઓટો, આઈટી, મેટલ્સ, રિયલ એસ્ટેટ મીડિયા, એનર્જી કોમોડિટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરોમાં ખરીદી જોવા મળી હતી. જ્યારે હેલ્થકેર, એફએમસીજી, ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે.



શેરબજારમાં તેજી બાદ રોકાણકારોની સંપત્તિમાં તેજી આવી છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી વધીને રૂ. ૩૦૯.૦૪ લાખ કરોડ થઈ ગઈ છે. જે ગયા સત્રમાં રૂ. ૩૦૭.૮૯ લાખ કરોડ હતો. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧.૧૫ લાખ કરોડનો ઉછાળો જોવા મળ્યો છે. આજના વેપારમાં ટાટા સ્ટીલ ૧.૬૬%, ટેક મહિન્દ્રા ૧.૬૦%, એનટીપીસી ૧.૨૧%, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૧૫%, પાવર ગ્રીડ ૧.૦૯%, એચસીએલ ટેક ૧.૦૫%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૦૫%, એચડીએફસી બેંક ૦.૯૦%, ટાટા કંપની ૦.૯૦%, ટાટા૮%. તે ૦.૮૮ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે ભારતી એરટેલ ૧.૭૫ ટકા, એચયુએલ ૧.૦૬ ટકા, એક્સિસ બેંક ૦.૯૬ ટકા, રિલાયન્સ ૦.૯૧ ટકા, સન ફાર્મા ૦.૪૫ ટકા, કોટક મહિન્દ્રા ૦.૪૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.સોના અને ચાંદીના ભાવમાં આજે ફરી વધારો જોવા મળી રહ્યો છે અને આ કિંમતી ધાતુઓના ખરીદદારોએ સતત વધારો જોવો પડશે. આજે સોના કરતાં ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને ચમકતી ધાતુની ચાંદી આજે લગભગ ૨૦૦ રૂપિયા મોંઘી થઈ રહી છે. ચાંદીના ભાવમાં આ વધારો ઔદ્યોગિક અને વૈશ્વિક માંગને કારણે જોવા મળી રહ્યો છે. દેશના કેટલાક શહેરોમાં તેની કિંમત ૬૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને વટાવી ગઈ છે.

એક સમયે એમસીએક્સ પર સોનું આજે રૂ. ૫૯,૦૦૦ને પણ પાર કરી ગયું હતું અને તેના ભાવ ઊંચા જમ્પ તરફ આગળ વધી રહ્યા હતા. જો કે, આ સમયે સોનાની ગતિમાં થોડો ઘટાડો થયો છે અને તે ૮૫ રૂપિયા અથવા ૦.૧૪ ટકાની મજબૂતાઈ સાથે ૫૮૯૭૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર છે. ઉપલા સ્તરે સોનાનો ભાવ રૂ.૫૯૦૦૯ પર પહોંચી ગયો હતો અને આ ઉપરાંત નીચલા સ્તરે સોનાનો ભાવ રૂ.૫૮૯૪૯ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થતો હતો. આ સોનાના ભાવ તેના ઓક્ટોબર વાયદા માટે છે.જો આપણે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ચાંદીના દર પર નજર કરીએ તો તે ૭૫૪૧૭ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર છે અને આજે તેના પ્રતિ કિલોના ભાવમાં ૧૯૯ રૂપિયા અથવા ૦.૨૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જો આપણે ચાંદીના નીચા ભાવ પર નજર કરીએ તો તે વધીને રૂ.૭૫,૩૦૨ પ્રતિ કિલો અને ચાંદીના ઊંચા ભાવ રૂ.૭૫,૪૬૦ પ્રતિ કિલો સુધી ગયા હતા.

### ધ કાશ્મીર ફાઈલ બનાવ્યા બાદથી ડાયરેક્ટર ચર્ચામાં

# બોલિવૂડના કલાકારો ભણેલા-ગણેલા નથી, દુનિયા વિશે કોઈ જાણકારી નથી : વિવેક



। મુંબઈ, તા.૨૯ ।

ધ કાશ્મીર ફાઈલ બનાવ્યા પછી વિવેક અગ્નિહોત્રી હંમેશા કોઈના કોઈ કારણે સતત ચર્ચામાં રહ્યા છે. તે પોતાની સ્પષ્ટ વાત માટે જાણીતા છે. તેઓ માત્ર કાશ્મીર ફાઈલ માટે નહી પરંતુ તાશકંદ ફાઈલ્સ માટે જાણીતા છે. તેઓ ડાયરેક્ટરના પદ પર એવા મુદ્દાને દર્શાવે છે કે જેના કારણે તેમની સાહસીકતા બાબતે જાણીતા છે.જેના પહેલા પર કોઈનું ધ્યાન નથી ગયુ. હાલમાં એક વાતચિતમાં વિવેકે બોલીવુડ પર કટાક્ષ કરતા કહ્યુ હતું કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક્ટરને મુંગા કહ્યા હતા.

વિવેક અગ્નિહોત્રી એક વ્યાવસાયિક ફિલ્મ નિર્માતા તરીકે તેમની યાત્રા શરુ કરી હતી. તેમણે ચોકલેટ (૨૦૦૫), ધન ધના ધન ગોલ (૨૦૦૫) અને હેટ સ્ટોરી (૨૦૧૨) જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યુ હતું. પછી તેઓ બુદ્ધ ઈન એ ટ્રાફિક જામ (૨૦૧૪)ની સાથે એક સ્વતંત્ર ફિલ્મ નિર્માતા બની ગયા હતા. તેમણે કહ્યુ કે તે હું બોલીવુડમાથી માનસિક રીતે રાજીનામું આપી દીધુ છે. હાલમાં જ અનસ્ક્રિપ્ટેડ પોડકાસ્ટ પર વાત કરતા વિવેકે ખુલાશો કર્યો હતો કે તેમણે કોમર્શિયલ સિનેમા છોડી દીધી છે, કારણે જે કલાકારો સાથે તેમણે કામ કર્યુ છે, તેઓ દુનિયા વિશે શિક્ષિત નહોતા અને એક રીતે તેમની બુદ્ધિનું અપમાન કરી રહ્યા છે. વિવેકે વધુમાં વાત કરતા કહ્યુ હતું કે, હું આ અહંકારમાં નથી રહ્યો, પરંતુ હું સાચુ કહુ છું. મને લાગે છે કે જે કલાકારો સાથે કામ કરુ છું. તે ભણેલા -ગણેલા નથી અને તેમણે દુનિયા વિશે કોઈ જાણકારી નથી. હું તેમનાથી વિશેષ જાણકાર છું અને મારો વિશ્વદ્રષ્ટિકોણ છે. નિશ્ચિત રીતે હું તેમનાથી ઘણો હોશિયાર છું. એટલા માટે તેમની મુર્ખતા મને નીચે ખેચી લાવે છે. તે એટલા મુર્ખ છે કે તેમની સાથે તમને પણ નીચે ખેચી લાવે છે. તેમણે કહ્યું કે, બોલિવૂડ તેના અભણ અને મૂંગા સ્ટાર્સને કારણે મૂંગું થઈ ગયું છે.

# ભાજપનું મહાકૌશલની બેઠકો પર ખાસ ધ્યાન

। ભોપાલ, તા.૨૯ ।

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને દરેક પક્ષો એડી ચોટીનું જોર લગાવી રહી છે ત્યારે સત્તાપક્ષ ભાજપ પણ મહત્વની બેઠકો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેમાં મહાકૌશલ વિસ્તારની બેઠકોનો પણ સમાવેશ થાય છે. મહાકૌશલ વિસ્તારમાં ૨૦૧૮ની ચૂંટણીમાં કોંગ્રેસે નોંધપાત્ર લીડ સાથે ૧૫ વર્ષ બાદ ૧૫ મહિના સુધી સત્તા મેળવી હોવાના કારણથી આ વખતે ભાજપ મહાકૌશલ પર ખાસ ધ્યાન આપી રહ્યું છે. ૮ જિલ્લાની ૩૮ બેઠકોના પરિણામો લગભગ નક્કી કરશે કે રાજ્યમાં કોની સરકાર બનશે. ભાજપે ૧૭ ઓગસ્ટે જાહેર કરાયેલ ૩૯ ઉમેદવારોની પ્રથમ યાદીમાં સૌથી વધુ ૧૧ ઉમેદવારો આ પ્રદેશની હારેલી બેઠકો પરથી છે. બંને પક્ષો મહાકૌશલ દ્વારા વિંધ્ય અને બુંદેલખંડને જીતવાનો પ્રયાસ કરી રહ્યા છે.




એવું માનવામાં આવે છે કે વિંધ્ય અને બુંદેલખંડ પણ મહાકૌશલની તર્જ પર વર્તે છે. રાજકીય વિશ્લેષકો માને છે કે ભાજપે ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા જ ૩૯ ઉમેદવારોના નામ જાહેર કરીને માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. આદિવાસી બેઠકો પર ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ મહાકૌશલથી બેઠકો પરથી નિરાશા મળી હતી. તેનું સૌથી મોટું કારણ આદિવાસીઓની નારાજગી હોવાનું માનવામાં આવતું હતું. પ્રદેશના આઠ જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવેલી ૧૩ બેઠકોમાંથી કોંગ્રેસે ૧૧ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપને માત્ર બે બેઠકો મળી હતી. આ ખામીને સુધારવા માટે ભાજપનું ધ્યાન સંપૂર્ણ રીતે આદિવાસીઓ પર છે. કોંગ્રેસે ૨૦૧૮માં કમલનાથને સીએમનો ચહેરો બનાવીને ચૂંટણી લડી હતી. આ સાથે કોંગ્રેસે તેના ગૃહ જિલ્લા છિંદવાડાની તમામ સાત બેઠકો જીતી લીધી છે. કોંગ્રેસને જબલપુર જિલ્લામાં આઠમાંથી ચાર બેઠકો મળી હતી. હવે મહાકૌશલના કિલ્લાને જીતવા માટે આ વખતે બંને પક્ષોએ ટોચના નેતૃત્વને મેદાનમાં ઉતાર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા ત્રણ મહિનામાં ત્રણ વખત મહાકૌશલ અને આસપાસના વિસ્તારોની મુલાકાત લીધી છે.

# વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે

## ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્રની સપાટી પર પહોંચેલા રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ પાસે માત્ર થોડા જ દિવસો બાકી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ચંદ્ર પરનો એક દિવસ પૃથ્વી પરના ૧૪ દિવસ બરાબર છે. આ સંદર્ભમાં, ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્રની સપાટી પર પહોંચેલા રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ પાસે માત્ર થોડા જ દિવસો બાકી છે. જોકે, ઈસરોના વૈજ્ઞાનિકોએ પ્રજ્ઞાન અને વિક્રમ ફરી કામ કરવાનું શરૂ કરે તેવી શક્યતાને નકારી નથી, પરંતુ અત્યારે રોવર દ્વારા ઝડપથી ડેટા મેળવવો મહત્વપૂર્ણ બની ગયો છે. ઈસરોએ કહ્યું છે કે, ચંદ્રયાન ૩ ચંદ્ર પર ત્રણ મોટા કામ કરવાના છે. તેમાં ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ, ચંદ્રની સપાટી પર શોધખોળ અને સપાટી પર કેટલાક પ્રયોગોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ઈસરો પ્રથમ બે બાબતોમાં સફળ રહ્યું છે, પરંતુ પ્રયોગનો તબક્કો હજુ ચાલુ છે. વિક્રમ



અને પ્રજ્ઞાન પેલોડ વહન કરે છે જેના દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે. એસએસીના ડાયરેક્ટર નિલેશ એમ દેસાઈ કહે છે કે, વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બાકીના દિવસોમાં વૈજ્ઞાનિકો ૩૦૦ થી ૪૦૦ મીટરનું અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી આ સમય દરમિયાન વધુમાં વધુ પ્રયોગો કરી શકાય. નિષ્ણાતો જણાવી રહ્યા છે કે, રોવરની ગતિવિધિઓને લઈને સમસ્યાઓ છે કારણ કે પૃથ્વી પર કેટલીક સેવાઓ ઉપલબ્ધ નથી. તેમણે જણાવ્યું કે, રોવરને દરરોજ ૩૦ મીટરનું અંતર કાપવાનું હોય છે, પરંતુ અત્યાર સુધી તે લક્ષ્ય હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. દેસાઈએ કહ્યું, 'આ મિશન માટે અમારી પાસે માત્ર ૧૪ દિવસ બાકી છે, જે ચંદ્ર પરના એક દિવસ બરાબર છે. બાકીના દિવસોમાં આપણે વધુ પ્રયોગો અને સંશોધન કરી શકીએ તે જરૂરી છે. આપણે સમય સામેની રેસમાં છીએ. આપણે વધુમાં વધુ કામ કરવાનું છે અને ઈસરોના તમામ વૈજ્ઞાનિકો આ કામમાં લાગેલા છે. ૧૪ દિવસ પછી, ચંદ્ર પર રાત પડશે અને વિક્રમ અને પ્રજ્ઞાન, સૌર ઉર્જાથી સંચાલિત છે જેના કારણે તે બંધ થઈ શકે છે. આ સિવાય એક પડકાર એ પણ છે કે, રાત્રે ચંદ્ર પર તાપમાન -૧૩૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ઠંડીના કારણે વિક્રમ અને પ્રજ્ઞાનના સાધનોના કામમાં પણ અવરોધ આવી શકે છે. જો કે, ઈસરોના વૈજ્ઞાનિકોને આશા છે કે વિક્રમ અને પ્રજ્ઞાન સૂર્યના આગમન બાદ ફરી ગતિ પકડી શકે છે. આ લાંબી ચંદ્ર રાત્રિ દરમિયાન રોવર લેન્ડરના સંપર્કમાં રહેશે. આના દ્વારા જ ઈસરો પૃથ્વી પરનો ડેટા મેળવશે. રાત્રે રોવર સાથે સીધો સંપર્ક શક્ય બનશે નહીં.

### રાજ્યસભાના અધ્યક્ષે આઠ વિભાગ સબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી

। નવી દિલ્હી, તા.૨૯ ।

સંસદની સ્થાયી સમિતિઓનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે આઠ વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી છે. આમાં કોંગ્રેસના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પી ચિદમ્બરમની ૩૧ સભ્યોની ગૃહ પેનલમાં નિમણૂકનો સમાવેશ થાય છે. રાજ્યસભાના અધ્યક્ષે લોકસભાના અધ્યક્ષની સલાહથી આઠ સમિતિઓની પુનર્ગઠન કર્યું છે. સંસદીય સ્થાયી સમિતિઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે જે અધ્યક્ષના વહીવટી અધિકાર ક્ષેત્રમાં આવે છે. રાજ્યસભાના અધ્યક્ષે ચિદમ્બરમને ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય તરીકે એવા સમયે નિયુક્ત કર્યા જ્યારે પેનલ ત્રણ પ્રસ્તાવિત બિલ પર ચર્ચા કરી રહી છે. ઈન્ડિયન કોડ ઓફ જસ્ટિસ ૨૦૨૩, ઈન્ડિયન સિવિલ ડિફેન્સ કોડ, ૨૦૨૩ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ એવા ત્રણ બિલ છે, જેનો ઉદ્દેશ્ય ફોજદારી ન્યાય કાયદામાં ફેરફાર કરવાનો છે. આ બિલો ૧૧ ઓગસ્ટના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# સંશાધનનો દુરુપયોગ

વિશ્વમાં એકબીજાથી આગળ નિકળવા માટેની ગળાકાપ સ્પર્ધાના કારણે ઊભારે નુકસાન થઈ રહ્યુ છે. માનવી આના માટે ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઈ ગઈ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઈ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઈ સરકાર મંદીને આમંત્રણ આપવા ઈચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઈએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આવનાર સમયમાં આ મામલે જનજાગૃતિ પણ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. પૃથ્વીના સંશાધનોને આડેધડ ઉપયોગ ન કરવામાં આવે તે મામલે નિષ્ણાંતો સમય સમય પર કહેતા રહ્યા છે.

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઈને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઈને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઈને કોઈ જગ્યાએ આ બાબતને લઈને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઈને ચિંતિત છે. વ્યવસ્થાને કોઈ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઈ જાય છે. હિંસાને લઈને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઈને કોઈ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઈને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઈ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઈ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઈ ગઈ હોત તો તે આ રીતે એકાએક ફેલાઈ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઈ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઈને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઈને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે. તે કાયદાને આના માટે પણ ટોળામાં હાથમાં લઈ લે છે કે તેને વિશ્વાસ નથી કે વ્યવસ્થા અપરાધીને દંડ ફટકારશે. અથવા તો સમાજમાં અપરાધને થવા દેશે નહી. રાજનેતા, અધિકારીઓએ અને સંબંધિતો દ્વારા અપરાધીઓ સાથે સાઠગાંઠ પણ સપાટી પર આવતી રહે છે.

# ઘેલા સોમનાથનું મંદિર પ્રાકૃતિક રીતે પણ ખૂબ જ રમણીય છે, અને સોમનાથના જ્યોતિર્લિંગની જેમ જ અતિ પ્રાચીન અને રસપ્રદ ઇતિહાસ ધરાવતું મંદિર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ભારતીય પ્રજા જન્મથી જ ધાર્મિક વૃત્તિ ધરાવે છે, અને આજે તો દુનિયાના લગભગ બધા દેશમાં હિંદુ પ્રજા વસે છે. દરેકને શ્રાવણ મહિનો અને નવરાત્રી આ બે તહેવારમાં પોતાના દેશની સૌથી વધુ યાદ આવે છે, અને આ અનુભવ માંથી મારો દિકરો દીકરી જમાઈ પણ પસાર થાય છે, જન્મથી જે રીતે ધાર્મિક તહેવારોની પરંપરા રહી હોય એ કેમ ભૂલાય! પણ તેઓ ત્યાં પોતાની રીતે ભક્તિ કરી શંકરને આરાધે છે. પરંતુ આવાં સમયે દરેક ભારતવાસીને પોતાનાં શિવાલયોની ખૂબ જ યાદ આવે છે, એમાં પણ પોતાના વતનના શિવાલયમાં જ્યાં આખો આખો શ્રાવણ માસ ઉપાસના કે આરાધના કરી હોય તે કેમ ભુલાય! નદી કે તળાવને કિનારે આવેલા શિવાલયમાં ધુબાકા મારી સ્નાન કરી અને પછી શિવલિંગ પર જળાભિષેક કરીને કાલીઘેલી ભાષામાં ''મા'' એ શીખવ્યા મુજબ ઓમ નમઃ શિવાય બોલી ને બીલીપત્ર ચડાવ્યાં હોય, એ બધું જ નજર સામે આવે. સંધ્યાટાણે મંદિરમાં ઝાલર વાગે અને મંદિર તરફ જે દોટ મૂકી હોય, તે બધું જ યાદ આવે. દીપમાળના દર્શન કર્યા હોય,જોર જોરથી ઘંટ વગાડ્યો હોય, બે વાર પ્રસાદ લીધો હોય, બાળપણની એ બધી જ સ્મૃતિઓ દુનિયાના ગમે તે ખૂણે બેઠા હોય ત્યાં તાજી થાય, અને એમ થાય કે આપણે પણ વતનમાં કાશ શિવાલયના દર્શન કરી શક્યા હોત! આજે આપણે આવા જ એક નદી કિનારે આવેલા ઘેલા સોમનાથનાં મંદિરની વાત કરીશું, જે તેના નામ જેવો જ રસપ્રદ ઈતિહાસ ધરાવે છે. ઘેલા સોમનાથનું મંદિર રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલું છે, અને જસદણથી લગભગ ૨૦ કિલોમીટરના અંતરે નદીના કિનારે આવેલું ઘેલા સોમનાથનું મંદિર પ્રાકૃતિક રીતે પણ ખૂબ જ રમણીય છે, અને સોમનાથના જ્યોતિર્લિંગની જેમ જ અતિ પ્રાચીન અને રસપ્રદ ઈતિહાસ ધરાવતુ મંદિર છે. ઈતિહાસવિદો ના જણાવ્યા અનુસાર આશરે ૧૫ મી સદીમાં એટલે કે ૧૪૫૭ માં આ મંદિરનું નિર્માણ થયું હશે. ઉન્મત ગંગા એટલે કે ઘેલો નદીને કાંઠે આવેલ આ મંદીરનો આગવો ઈતિહાસ છે. જે કથા પ્રચલિત છે તે પ્રમાણે તે મુજબ ગુજરાતમાં મુસ્લિમ સુબા મઝહરખાન ઉર્ફે મુઝફ્ફરશાહની આણ પ્રવર્તતી હતી. જુનાગઢની ગાદીએ ચુડાસમા રા' નવઘણનું શાસન હતું. ચંદ્રએ પણ જેની આરાધના કરી હતી, તેવા



સોમનાથ પર રા' નવઘણની પુત્રી મીનળદેવીને અનન્ય શ્રદ્ધાને ભક્તિભાવ હતો. પોતાનું નિવાસ પણ તેણે સોમનાથથી થોડે દુર હીરણ નદીને કાંઠે રાખેલું અને દિવસમાં બે વખત શંકરની શ્રધ્ધાપૂર્વક પૂજા કરતી હતી. અલાઉદીન ખિલજીના સરદારના આક્રમણથી તુટેલા સોમનાથ મંદીરનો જીર્ણોધાર થયો હતો. મંદીરે તેની મુળ પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરી હતી. તેવા સમયે ઝફરખાને મંદીરની કિર્તી સાંભળી અને તેના મનમાં પણ સોમનાથ મંદીર ઉપર ચડાઈ કરવાની ઈચ્છા થઈ. જુનાગઢના રા' નવઘણને આ વાતની પોતાના ગુપ્તચરો મારફત જાણ થઈ, તેમજ સુબા ઝફરખાનની દીકરી મીનળદેવી સાથે મળેલી હોવાથી, તેણે પોતાના અબ્બાની મેલી મુરાદ વિશે મીનળદેવીને જાણ કરી, મીનળદેવી ઘેલા નામના વાણીયા સાથે સોમનાથનું શિવલિંગ પાલખીમાં લઈને ત્યાંથી નીકળી ગયા, આ ઉપરાંત કહેવાય છે કે મીનળદેવીને પણ ભગવાન શંકરે સ્વપ્રમાં આવી અને પોતાનું શિવલિંગ પાલખીમાં લઈ જવાની સુચના આપી હતી. રા' નવઘણ એ પણ સોમનાથના રક્ષણ માટે ક્ષત્રિયને આહવાન આપ્યું. ઝફરખાન સામેનાં એ ઈતિહાસ પ્રસિધ્ધ યુધ્ધમાં ક્ષત્રિય અને શુરવીર યોધ્ધાઓએ અપ્રતિમ શૌર્ય દાખવી શિવલીંગની રક્ષા કરી. એ સૌમાં શિરમોર રહ્યા, અરઠીલાના હમીરજી ગોહિલ, સૌરાષ્ટ્રની રોળાઈ ગયેલી રાજપુતીને તેમણે નવું જોમ આપ્યુ. તે સમયે દેવળના પ્રાંગણમાં છેલ્લું યુધ્ધ ખેલાઈ રહ્યુ છે, સોમૈયાના એક એક રખવાળ જીવતી દિવાલ બનીને ઝફરખાનના સૈન્ય સામે અડીખમ ઊભા છે, પણ ઝાઝા બળ સામે રાજપુતો વઢાતા જાય છે. બચવાની કોઈ આશા ન રહી, ત્યારે કેટલાક રાજપુતોએ શિવલીંગની રક્ષા માટે તેને ખસેડી લેવાનું નક્કી કર્યુ. પાલખીમાં તેને પધરાવી સાથે મીનળદેવીને બેસાડી સોમનાથના મંદીર સામે છેલ્લી નજર કરી સૌ ચાલી નીકળ્યા.

આમ ચાલતા ચાલતા પાંચાળ પ્રદેશમાં પાલખી આવી પહોંચી. ઘેલા સોમનાથ જે સ્થળે આજે ઊભું છે તે અનુકુળ જણાતા ત્યાં શિવલીંગની પ્રતિષ્ઠા કરવામા આવી. સોમનાથમાં ઝફરખાનનાં બાકી રહેલા સૈન્યને શિવલીંગની સ્થાપના બીજે થયાની અને મીનળદેવી તેની પુજા કરે છે, એ હકીકતની જાણ થઈ. સૌનિકોએ હલ્લો કર્યો પણ સંગઠીત બળ સામે ન ફાવ્યા, અને પાછા હઠવું પડયું. ત્યારબાદ ઝફરખાન પોતે શિવલિંગ ને ખંડિત કરવાના ઈરાદાથી આવે છે, અને શિવલિંગ ઉપર તલવારનો ઘા કરી અને તેને ખંડિત કરવાના ઈરાદાથી જેવી તલવાર ઉગામે છે, એ ભેગા જ શિવલિંગમાંથી અસંખ્ય ભ્રમર નીકળે છે અને તે ઝફરખાન અને તેના સૈન્યનો ખાત્મો કરી દે છે. મીનળદેવીને પોતાના ઉપર સુલતાનનાં સૌનિકોની નજર પડી, એટલે આબરૂહીન થઈ જીવવા કરતા મોતને વહાલું ગણ્યું, અને ઘેલા સોમનાથ સામેની ટેકરી ઉપર ચડી જઈ ત્યાં સમાધિ લીધી. સોમનાથ માંથી લિંગ લાવ્યા હોવાથી સોમનાથ નામ તો સમજાય, પણ ઘેલો નામનો જે વાણિયો મીનળદેવીની રક્ષા કાજે પાલખી સાથે આવ્યો હતો તે સૈન્ય સામે લડતા લડતા ઘવાયો અને તેનું મસ્તક કપાઈ ગયું, છતાં મસ્તક વગરના ધડ એ પણ સૈન્ય સાથે સાત દિવસ સુધી લડાઈ કરી હતી, અને આમ ઘેલો નામના વાણિયાએ આ સોમનાથના શિવલિંગ ને બચાવવા પ્રાણ આપી દીધા હતાં, તેથી આ મંદિરનું નામ ઘેલા સોમનાથ રાખી તેને યાદ કરવામાં આવે છે, અને નદીનું નામ પણ ત્યારબાદ ઘેલો નદી રાખવામાં આવ્યું છે, અથવા તો ઘેલો નદીનાં નામે ઓળખાય છે. આમ સોમનાથ મંદિરથી લાવીને આ શિવલીંગની સ્થાપના થઈ છે, જેનો ઈતિહાસ સાક્ષી પુરે છે. જેમાં ઘણા ક્ષત્રિય શુરવીરોની બલીદાનની ગાથા વણાયેલી છે. આજે પણ સામેની ટેકરી ઉપર મીનળદેવીની નાની દેરી આવેલી છે. મંદિરના દર્શને આવનાર યાત્રિકો દેરીને પણ જુહારે છે. મંદિરમાં જ્યારે પણ આરતી થાય ત્યારે આરતી નું ધૂપેલ્યુ સામેની ટેકરી તરફ ન કરવાથી એ દિવસની આરતી વ્યર્થ જાય છે. કારણકે મીનળદેવી ને લીધે જ આ શિવલિંગ સલામત રહી શક્યું એવી એક માન્યતા પણ આની સાથે જોડાયેલી છે, અને ભગવાન જેટલું જ મીનળદેવીને પણ મહત્વ આપવામાં આવે છે. આ મંદિર આશરે ૧૪૫૭ ની સાલમાં નિર્માણ પામ્યું પછી તેનો જીર્ણોદ્ધાર પણ થયો લોકશાહી પહેલા જસદણના નામદાર સાહેબ આ મંદિરનો વહીવટ કરતા, અને આજે રાજકોટ કલેકટર કચેરી દ્વારા આ મંદિરનો વહીવટ કરવામાં આવે છે. આ મંદિરમાં દર્શનાર્થે આવેલા આ યાત્રાળુઓ માટે ઉતારા માટે કોટેજની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ બંને ટાઈમ પાંચ હજાર લોકોનું અન્નક્ષેત્ર પણ ચાલે છે. મંદિરના ગર્ભગૃહમાં શિવલિંગની પ્રત્યક્ષ પૂજા કરવા માટે ધોતી અને રેશમી સાડી ફરજિયાત છે. શિવલિંગ પર જળાભિષેક કરવા માટે શુદ્ધ પાણી અને અન્ય સામગ્રીઓ રાખવામાં આવે છે. ગુજરાત ભરમાંથી ઘણા યાત્રાળુઓ આ મંદિરના દર્શનાર્થે આવે છે, એમાં પણ શ્રાવણ મહિનામાં તો અહીં યાત્રાળુઓની ભીડ જોવા મળે છે. શ્રાવણિયા સોમવારે તેમજ ભાદરવી અમાસને દિવસે નાનકડા મેળા જેવું વાતાવરણ થઈ જાય છે. કુદરતી સૌંદર્ય તો હતું જ, આ ઉપરાંત સરકારે પણ તેને વધુ સુંદર બનાવ્યું છે. ચોમાસામાં તો આ મંદિરની શોભા અનેરી હોય છે ટેકરી આખી લીલીછમ હરિયાળા ઘાસથી છવાયેલી હોય છે, અને ઘેલો નદીમાં પણ પુષ્કળ પાણી હોય છે. આમ સૌરાષ્ટ્રના પાંચાળ વિસ્તારનું આ ઘેલા સોમનાથનું મંદિર, એક અનન્ય ઈતિહાસ અને એક અનન્ય મહત્વ ધરાવતું મંદિર છે, કારણકે રાજપુત એટલેકે ક્ષત્રીય માતો લડવાની તાકાત હોય તે સમજી શકાય, પણ ઘેલો નામના વાણિયાએ ભગવાન પ્રત્યેની શ્રદ્ધાના ભાવથી સાત દિવસ મસ્તક વગર યુદ્ધમાં ઝઝુંમતા રહી બલિદાન આપ્યું, એ નોંધનીય છે. આમ તો રોડ માર્ગેથી સરળ પડતા આ મંદિરની મુલાકાત લેવા બસ,કે મોટર વગેરેનો ઉપયોગ થાય છે. તેમજ રાજકોટ એરપોર્ટ પરથી કે રાજકોટ રેલ્વે સ્ટેશન સુધી આવી પછી બાય રોડ આ મંદિરના દર્શન થઈ શકે છે, અને કુદરતના સૌંદર્યને માણવા માટે રહેઠાણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જે એક બહુ જ સારી વાત છે. મહાદેવ તો શંકર છે જ એવા છે જે સૌને ઘેલા બનાવી દે અને એમાં પણ શ્રાવણ એટલે પછી કહેવું જ શું તો મંદિર ગમે તે હોય અને સ્થળ ગમે તે હોય આપણે તો ફક્ત તેનું સ્મરણ કરીએ એટલે બધું જ આવી જાય. બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

## શ્રાવણ માસમાં શિવ-મહિમા - ૧૪

# ઉમા સંહિતામાં ઉપમન્યુએ શ્રીકૃષ્ણને કહેલ શિવ-મહિમા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ પુત્રપ્રાપ્તિ માટે કૈલાસ પર શિવને ધ્યાનમાં રાખી તપ કરવા ગયા હતા, ત્યારે ઉપમન્યુ તપ કરતા હતા. શ્રીકૃષ્ણે એમને શિવનું માહાત્મ્ય પૂછ્યું ત્યારે ઉપમન્યુએ કહ્યું : ''હું તપ કરી રહ્યો છું, તે દરમિયાન મેં શિવજી,તેમનાં આયુધો, વિષ્ણુ આદિ દેવો વગેરે નાં દર્શન કર્યો છે.તેઓ બ્રહ્મા આદિ ત્રણ અંશો સાથે અદ્ભુત સ્વરૂપવાળા, એક ચરણવાળા, નિત્ય સુખદાયી, અવિનાશી અને નિર્વિકાર મોટી દાઢોવાળા,જ્વાળા ઓથી વ્યાપ્ત મુખો વડે શોભતા તેમજ પ્રકાશ માન,ઉત્તમ અસ્ત્રોયુક્ત,અનેક મંત્રોવાળા અને બીજા હજાર ચરણવાળા શંકરનું મેં દર્શન કર્યું હતું.આવા સ્વરૂપે શિવ સ્થાવર-જંગમ સહિત દરેક પ્રાણી-પદાર્થ નો વિનાશ કરે છે.શિવજીનું વિજય નામે 'ત્રિશૂળ' ત્રણે લોકમાં જાણીતું છે. તે સર્વ શસ્ત્રો તથા અસ્ત્રોનો નાશ કરનાર છે. તે સૂર્ય, ચંદ્ર તથા તારામંડળને ભેદી શકે, સમંદરને સૂકવી શકે તથા પૃથ્વીને ચીરી શકે એવા પ્રબળ ત્રિશૂળે યુવનાશ્વના પુત્ર ચક્રવર્તી, મહાતેજસ્વી માંધાતાનો સૈન્ય સહિત નાશ કર્યો હતો તેમજ ગર્વિષ્ઠ હૈહય રાજા તથા લવણાસુરનો પણ નાશ કર્યો હતો. ભૃગુવંશી પરશુરામને જે બળ પ્રાપ્ત થયું હતું, તે આ શિવ બળ છે.ત્યારે પુરુષાકાર ધારણ કરતા રુદ્રદેવને મેં બે હજાર ભુજાઓ વાળા,હજાર મુખવાળા, સુદર્શન ચક્રવાળા,બે હજાર નેત્ર વાળા તેજસ્વી, પ્રકાશમાન તથા ત્રણે લોકને બાળી નાખવા સમર્થ જોયા હતા.તેઓ હજાર ચરણોથી યુક્ત,કરોડો સૂર્ય સમાન, વ્રજ સમાન,મહાન કાંતિમાન, પિનાક ધનુષ, તલવાર ધારણ કરનાર તથા તેજસ્વી સિંધુ સમાન મેં એમને જોયા હતા. એ દેવની જમણી બાજુ પિતામહ બ્રહ્મા હંસથી યુક્ત અને મન સરખા વેગવાળા

દિવ્ય વિમાનમાં બેઠા હતા તથા ડાબી તરફ શંખ,ચક્ર,ગદાધારીશ્રી નારાયણ ગૂડ ઉપર બેસી ઊભા હતા. માતા પાર્વતી તેમની બાજુમાં બિરાજમાન હતાં અને નંદી ત્રિશૂળ લઈ આગળ ઊભો હતો. શિવની આસપાસ ભૂતડાં ઓ તેમજ



જુદી જુદી દૈવીઓ ઊભી હતી. દેવો ભોળા નાથની અનેક પ્રકારે સ્તુતિ કરતા હતા; ત્યારે હું આશ્ચર્યથી અંજાઈ ગયો.ઉપમન્યુએ શિવજી ની પૂજા કરી, ત્યારે શિવજીએ કહ્યું : હે બ્રાહ્મણ, કે તારી વારંવાર પરીક્ષા કરી છે. હું તને ડગાવી શક્યો નથી. તારું કલ્યાણ થાઓ. તું તારી મરજી પ્રમાણે વરદાન માંગ.' ત્યારે ઉપમન્યુએ કહ્યું હતું : 'મને આપની કૃપાથી ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થાઓ તેમજ આપ વિશે મને અસ્ખલિત ભક્તિ આપો. મારા વંશજોને સદૈવ દૂધ-ભાતનું ભોજન પ્રાપ્ત થાઓ.મારા આશ્રમ માં આપનું સાંનિધ્ય કાયમ રહો.' ત્યારે શિવજીએ મને કહ્યું હતું : 'હે ઉપમન્યુ મુનિ ! તું વૃદ્ધાવસ્થા તથા મરણથી તથા દોષોથી રહિત થઈશ. તું સર્વ કામનાઓથી મુક્ત થઈશ. તું યશ પામીશ. મુનિઓમાં પ્રિય બનીશ. તારી સમીપ હંમેશા દૂધનો ભંડાર રહેશે. તારો વંશ અવિનાશી બનશે. તું મારું સ્મરણ કરીશ ત્યારે હું દર્શન આપીશ. તારું સર્વ પ્રકારે ઈચ્છિત બનશે.'. આમ ભગવાન શંભુ મને વરદાન આપી અદ્દેશ્ય બન્યા. મેં પરિવાર સહિત તેમનું દર્શન કર્યુ છે. હે શ્રીકૃષ્ણ ! એ શિવ સર્વજ્ઞ, સર્વ જીવાત્માના જન્મનું કારણ, સર્વવ્યાપક અને સર્વ દેવતાઓને દર્શન કરવા પાત્ર છે. તેથી તમો પુત્ર મેળવવા ભોળાનાથનું આરાધન કરો. તેઓ ભક્તવત્સલ છે. જરૂર પ્રસન્ન થશે.''

આગળ ઉપમન્યુએ કહ્યું : ''હે યદુવંશી !અગાઉ હિરણ્ય-કિશપુ એ ભોળાનાથની દસ લાખ વર્ષો સુધી તપશ્ચર્યા કરી દેવોનું ઐશ્વર્ય મેળવીને ભોગવ્યું હતું. તેના દીકરા નંદને તપશ્ચર્યા કરી ભોળાનાથના વરદાનથી દશ હજાર વર્ષ સુધી ઈન્દ્ર ભોગવે તેનાં કરતાંય ઉત્કૃષ્ટ ઐશ્વર્ય માણ્યું હતું. વિષ્ણુનું ઘોર સુદર્શન ચક્ર અને ઈન્દ્રનું વજ પણ તેનાં અંગો સાથે ટકરાવવાથી ભાંગી ગયાં હતાં. અતિ બળવાન ગ્રહ નામના દૈત્યનાં અંગા પર યુદ્ધમાં ચક્ર,વ્રજ વગેરે શસ્રો પણ કંઈ અસર કરી શક્યાં ન હતાં. તેણે દેવોને ખૂબ જ હેરાન કર્યા હતા. ભોળાનાથે પ્રસન્ન થઈ વિધ્યુત્પ્રભ અસુરને એક લાખ વર્ષ સુધી ત્રણે લોકનું ઐશ્વર્ય, દશ હજાર પુત્રો આપી પોતાનો સેવક બનાવ્યો હતો, અને કુશદ્વીપ ખંડ નો રાજા બનાવ્યો હતો. શતમખ નામના દૈત્યે સો વર્ષ સુધી તપ કરી સદાશિવ પાસેથી એક હજાર પુત્રો મેળવ્યા હતા.

યાજ્ઞવલ્કય નામના મુનિએ શિવ આરાધના વડે ઉત્તમ જ્ઞાન મેળવ્યું હતું. વેદવ્યાસે અતુલ યશ મેળવી ત્રિકાળનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ઈન્દ્ર વડે તિરસ્કારાયેલ વાલખિલ્ય ઋષિઓએ શિવભક્તિ દ્વારા ગરુડની પ્રાપ્તિ કરી હતી. શિવાગ્નિથી સર્વત્ર જળ શોષાયુ ત્યારે દેવોએ સમકપાલ નામે યજ્ઞ દ્વારા શિવકૃપાથી જળ મેળવ્યું હતું.અત્રિ ઋષિની પત્ની અનસૂયા એ ત્રણસો વર્ષ સુધી આહાર છોડી સાંબેલા પર સૂઈ રહી મહાદેવની કૃપાથી દત્તાત્રેય, ચંદ્ર તથા દુર્વાસા નામના ત્રણ પુત્રો મેળવ્યા હતા. ઉપરાંત તેણે ચિત્ર કૂટ પર્વત પર ગંગાને વહેવડાવી હતી. વિકર્ણે શિવને પ્રસન્ન કરી ઘણી બધી સિદ્ધિઓ મેળવી હતી તથા ચિત્રસેન રાજાએ અતુલ બળ તેમજ શ્રીકર નામના ગોપીપુત્રે પરમસિદ્ધિ મેળવી હતી. સીમંતિની રાણીનો પતિ ચિત્રાંગદ યમુનામાં ડૂબી જવા છતાં શિવ કૃપાથી મર્યો ન હતો.તે તક્ષક નાગને ઘેર જઈ, તેની મિત્રતા પામી પ્રસન્ન થઈ ધનવાન બની પછો આવ્યો હતો. તેની પત્ની શ્રાવણ માસના સોળ સોમવારનું વ્રત કરી અખંડ સૌભાગ્યનું વરદાન પ્રાપ્ત કરી ચૂકી હતી. વ્યભિચારિણી ચંચુકા ગોકર્ણ બ્રાહ્મણ પાસેથી સદાશિવની ધર્મકથા સાંભળી શ્રેષ્ઠ ગતિ પામી હતી, અને તેનો પતિ બિંદુગ નરાધમ પાપી હોવા છતાં,મહા શિવ પુરાણ સાંભળી શિવની ગતિ ને પામ્યો હતો.પિંગલા નામની વેશ્યા તથા મંદર નામનો બ્રાહ્મણ ભોળાનાથના ઉત્તમ પૂજન દ્વારા દિવ્ય ગતિને પામ્યા હતા. મહાનંદ નામની વેશ્યા સદાશિવના ચરણમાં આસક્ત બની સદ્ગતિ પામી હતી. કૈકેયી અને સાદરા શિવનું વ્રત કરી સુખદાયી બની તેમજ વિમર્ષણ રાક્ષસ શંભુભક્તિથી સુખરૂપ બન્યો હતો. ચાંડાલિની સૌમિનીએ અજાણતાં શિવ ભક્તિ દ્વારા શિવગતિ મેળવી હતી. મહાકાલ નામના પારધીએ અજાણતાથી શિવપૂજા દ્વારા સદ્ગતિ મેળવી હતી. શાકલ્ય ઋષિ નવસો વર્ષ સુધી શિવરટણ કરી પરમગતિ પામ્યા હતા, દુર્વાસાએ શિવકૃપા થી શિવમહિમાનો પ્રચાર કર્યો હતો.ક્ષત્રિય વિશ્વામિત્રે શિવકૃપા થી બ્રહ્મર્ષિ બની લોક પિતામહ પદ મેળવ્યું હતું. ટૂંકા આયુષ્યવાળા માર્કંડેય શિવભક્તિ થી દીર્ઘજીવી બન્યા હતા. બલિપુત્ર બાણાસુર શિવની બ્રહ્માંડ નો નાયક અને શાસક બન્યો હતો. વિષ્ણુ, શક્તિદેવી, દધીચિ, પરશુ રામ આદિ શિવભક્તો શિવકૃપાથી મહાસમર્થ થયા હતા.ગુરુ બૃહ સ્પતિ,ગૌતમ મુનિ,શુક્રાચાર્ય અને કણાદ શિવ ભક્તિથી મહાસમર્થ ઈશ્વર સમાન થયા હતા. ચાંડાલિની સૌમિનીએ અજાણતાં શિવ ભક્તિ દ્વારા શિવગતિ મેળવી હતી. મહાકાલ નામના પારધીએ અજાણતાથી શિવપૂજા દ્વારા સદ્ગતિ મેળવી હતી. શાકલ્ય ઋષિ નવસો વર્ષ સુધી શિવરટણ કરી પરમગતિ પામ્યા હતા, દુર્વાસાએ શિવકૃપા થી શિવમહિમાનો પ્રચાર કર્યો હતો.ક્ષત્રિય વિશ્વામિત્રે શિવકૃપા થી બ્રહ્મર્ષિ બની લોક પિતામહ પદ મેળવ્યું હતું. ટૂંકા આયુષ્યવાળા માર્કંડેય શિવભક્તિ થી દીર્ઘજીવી બન્યા હતા. બલિપુત્ર બાણાસુર શિવની બ્રહ્માંડ નો નાયક અને શાસક બન્યો હતો. વિષ્ણુ, શક્તિદેવી, દધીચિ,પરશુ રામ આદિ શિવભક્તો શિવકૃપાથી મહાસમર્થ થયા હતા.ગુરુ બૃહ સ્પતિ,ગૌતમ મુનિ,શુક્રાચાર્ય અને કણાદ શિવ ભક્તિથી મહાસમર્થ ઈશ્વર સમાન થયા હતા.

# ગાયને રોટલી સાથે ખવડાવો આ એક વસ્તુ, રાતોરાત ખુલી જશે બંધ કિસ્મતના દરવાજા



હિન્દુ ધર્મમાં ગાયને માતાના સ્વરૂપે પૂજવામાં આવે છે. કહેવામાં આવે છે કે ગાયની સેવા કરવાથી મનુષ્યને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે અને તેના ઘરમાં સુખ-સમૃદ્ધિ પણ આવે છે. ગાયને નિયમિત રૂપે પહેલા રોટલી ખવડાવવી ખૂબ જ શુભ હોય છે. સનાતન ધર્મમાં ગાયને એક પવિત્ર પશુ માનવામાં આવે છે. કહેવાય છે કે ગાયની સેવા કરનાર વ્યક્તિની દરેક ઈચ્છા પૂરી થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં ગાયની સેવા અને તેની પૂજાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જો કોઈ વ્યક્તિ નિયમિત રીતે ગાયને પહેલી રોટલી ખવડાવે છે તો તે વ્યક્તિને દરેક પ્રકારના સુખ સમૃદ્ધિ, ધન અને સૌભાગ્યની પ્રાપ્તિ થઈ શકે છે. જો તમે તમારા જીવનમાં કોઈ સમસ્યાનો સામનો કરવા માંગતા નથી, તો ભોપાલ સ્થિત જ્યોતિષી અને વાસ્તુ સલાહકાર પંડિત હિતેન્દ્ર કુમાર શર્મા ગાયને રોટલીમાં ભેળવીને શું ખવડાવવું જોઈએ તે વિશે વધુ માહિતી આપી રહ્યા છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર બૃહસ્પતિ ગ્રહ સાથે ગાયનો સંબંધ માનવામાં આવે છે. જે ખૂબ જ શુભ ગ્રહ છે, જે વ્યક્તિની કુંડળીમાં બૃહસ્પતિ ગ્રહ નબળો હોય તે જો ગાયને રોટલી ખવડાવે તો તેનો બૃહસ્પતિ ગ્રહ મજબૂત થાય છે. જેનાથી તે વ્યક્તિને સૌભાગ્ય, ધન, સમૃદ્ધિ અને સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જો તમે ગાયને રોટલી ખવડાવી રહ્યાં છો તો તેમાં એક ચપટી હળદર ભેળવી દો. આમ કરવાથી તેનો લાભ અનેક ગણો વધી જાય છે. હળદરનો સંબંધ પણ બૃહસ્પતિ ગ્રહ સાથે હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત હળદરને મંગળ ગ્રહનું પ્રતિક પણ માનવામાં આવે છે. આ ઉપાય કરવાથી નબળો મંગળ અને નબળો બૃહસ્પતિ મજબૂત થાય છે. ગાયને હળદર ભેળવેલી રોટલી ખવડાવવાથી દુર્ભાગ્ય દૂર થાય છે અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય છે. જો તમે ઈચ્છો કે તમારી કુંડળીમાં નકારાત્મક ગ્રહોની સ્થિતિનો પ્રભાવ ઓછો થાય તો તેવામાં ગાયને હળદર ભેળવીને રોટલી ખવડાવો.

# મહિલાઓ દ્વારા સતામણીનો ભોગ બનતા પુરુષો એકતરફી કાયદાનો અન્યાય

મહિલાઓ દ્વારા પુરૂષો સામેની હિંસા આજે એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. આમાં આર્થિક, શારીરિક, જાતીય અને ભાવનાત્મક દુર્વ્યવહાર તેમજ વ્યક્તિના મનોવૈજ્ઞાનિક અને શારીરિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતા માનસિક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. મહિલાઓ તેમજ પુરુષો પણ લિંગ આધારિત હિંસાનો ભોગ બને છે. સ્ત્રીઓ પ્રત્યે થતા વિવિધ પ્રકારના અત્યાચારો વિશે બધા ઘણું જાણે છે. પણ પુરુષો કેવા અત્યાચારોનો ભોગ બને છે?

અત્યાચારો વિવિધ સ્વરૂપોમાં હોઈ શકે છે. શારીરિક, માનસિક, ભાવનાત્મક વગેરે. દુર્વ્યવહાર માત્ર એકલા પુરૂષ તરફ જ ન હોઈ શકે, પરંતુ તેમાં બાળક અથવા અન્ય પ્રિયજનો પ્રત્યેની હિંસાનો પણ સમાવેશ થઈ શકે છે. હિંસા જીવનસાથીનાં કૃત્યોમાંથી ઉદ્ભવતી હોય તે જરૂરી નથી; તે પત્નીના પરિવારના સભ્યો અથવા મિત્રો દ્વારા પજવણી પણ હોઈ શકે છે. દુર્વ્યવહારની કેટલીક સૌથી સામાન્ય રીતો છે.

ધમકી અને બળજબરી, આમાં તેને નુકસાન પહોંચાડવા માટે કંઈક કરવાની ધમકીઓ આપવી અને/અથવા તેમ કરવાનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, તેને છોડી દેવાની ધમકી આપવી, આત્મહત્યા કરવાની, તેને પોલીસમાં રિપોર્ટ કરવાની કે સામાજિક સંસ્થામાં ફરિયાદ કરવાની, તેની અને/અથવા તેના પરિવાર સામે ઘરેલુ હિંસા કાર્યવાહી શરૂ કરવાની ધમકી આપવી, બાળકોને લઈ જવાની ધમકી આપવી વગેરે. ક્રિયાઓ અને હાવભાવ દ્વારા ભય અથવા આશંકા



પેદા કરવી. તેની મિલકતનો નાશ કરવા અથવા મિલકતને નુકસાન પહોંચાડવા માટે જાણીજોઈને વસ્તુઓ તોડવી અથવા પછાડવી.

જાહેર મેળાવડામાં અથવા મિત્રો અને પરિવારની સામે તેને અપમાનિત કરવું; ઈરાદાપૂર્વક ક્રૂર નિમ્ન ટિપ્પણી કરીને તેને નીચાજોણું કરાવવું; તેને દોષિત અનુભવવા અથવા ક્રોધિત કરવા પ્રયત્ન કરવો; અપમાનજનક વર્તણૂક માટે જવાબદારી તેના ઉપર ઠોકી બેસાડવી કે તેને કારણે થઈ રહ્યું છે. તે કોની સાથે વાત કરે છે, તે ક્યાં જાય છે; બાહ્ય વિશ્ર્વ સાથે તેના સંપર્કને પ્રતિબંધિત કરવા; તેના સામાજિક જીવનને મર્યાદિત કરવા માટે વારંવાર તેના પર છેતરપિંડીનો આરોપ લગાવવો, વગેરે.

સ્રીને મળતા વિશેષ રક્ષણ અને સુવિધાનો ઉપયોગ કરીને તેની સાથે નોકરની જેમ વર્તન કરવું, તમામ મુખ્ય પસંદગીઓ પર પોતાનો અધિકાર રાખીને તેનાં કાર્યો પણ પોતે નક્કી કરીને તેને નિયંત્રણમાં રાખવા પ્રયત્ન કરવો. નાણાકીય બાબતોનું નિયંત્રણ અને માલિકી પોતાની પાસે રાખવી. તેને નોકરી મેળવવા અથવા કરવાથી રોકવું, તેને તેની પોતાની કમાણીમાંથી ભથ્થું પૂરું પાડવું. તેને પૈસા માગવા માટે દબાણ કરવું, અને તેને કુટુંબની આવક વિશે જાણ ન કરવી અથવા તેમાં પહોંચ ન રાખવા દેવી.

ડોમેસ્ટિક એબ્યુઝ એક્ટ, તેમજ ઈન્ડિયન પીનલ કોડ (આઈપીસી) અને ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી)ની અન્ય કલમો, ભારતમાં મહિલાને ઘરેલુ હિંસા અંગે ફરિયાદ નોંધાવવાની મંજૂરી આપે છે. આ જોગવાઈઓનો ઉપયોગ સ્રી જીવનસાથી દ્વારા તેમના પુરૂષ સાથીને માનસિક અથવા શારીરિક રીતે હેરાન કરવા અથવા તેમની પાસેથી નાણાં પડાવવા માટે હથિયાર તરીકે કરવામાં આવે છે. એવા કિસ્સાઓ છે કે જ્યારે તેઓએ તેમના પતિઓને તેમની ઈચ્છા મુજબ કરવાની ધમકી આપી હોય અન્યથા આરોપોનો સામનો કરવો પડે. આવા કિસ્સાઓમાં, તે ખૂબ જ દુર્લભ છે કે અદાલત તેમને ગુનાઓમાંથી મુક્ત કરે, કારણ કે આવી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલ કલંકને કારણે તેમને શંકાની નજરે જોવામાં આવે છે. તદુપરાંત, આ કેસોમાં પતિ માટે આશ્રય મેળવવાનો કોઈ રસ્તો નથી કારણ કે કાયદો તેમને પૂરતું રક્ષણ પૂરું પાડતો નથી, તે જ સમયે તેમના જીવનસાથી તેમની સામે ખોટી ફરિયાદ કરશે તેવો ભય હંમેશાં તેમના માથા ઉપર ઝૂલતો રહે છે. તેમના માટે ઉપલબ્ધ એકમાત્ર ઉપાય ક્રૂરતાના બહાના હેઠળ છૂટાછેડા છે જે ખૂબ જ નબળો છે.

# ઘટના એક, માન્યતા અનેક



માન્યતાના પાયામાં બે બાબતો હોય છે. એક તો, તે ચોક્કસ હકીકત સાથે સંકળાયેલી હોય છે અને બીજી, તે જે તે વ્યક્તિની માનસિકતા પર પણ અવલંબિત હોય છે અને બીજી, તે જે તે વ્યક્તિની માનસિકતા પર પણ અવલંબિત હોય છે.

પોતાની માન્યતા માટે સમાજની યુવાન પેઢી વધારે આક્રમક થતી જતી જણાય છે. જોકે આવું કદાચ પ્રત્યેક કાલખંડમાં થતું જ હશે. દરેક સમયે સમાજને તેમને સંલગ્ન જે તે બાબતો માટે યુવાનો વધુ કૃત-નિશ્ર્ચયી લાગતાં જ હશે. યુવાનો માટે આવી આક્રમકતા જરૂરી પણ છે તેવા અભિગમથી જ સમાજને વેગ મળતો હોય છે. પણ માન્યતા માટેની આક્રમકતાથી ક્યાંક અધૂરાશ તો વ્યક્ત નથી થતી ને! તે સમજવું પડે. મુલ્લા નસિરુદ્દિન એક સમયે રામાયણમાં આવતા એક પ્રસંગના વિચારે ચઢી ગયા. તે પ્રસંગમાં મંથરા કૈકેયીને રામના ચૌદ વરસના વનવાસ અને ભરતને રાજગાદી માટે વચન લેવા પ્રેરે છે. પ્રસંગ બહુ પ્રચલિત છે અને મુલ્લા પોતાની ટેવ પ્રમાણે વિચારોના ચક્રમાં ઘૂમવા માંડે છે. તે વિચારે છે કે મંથરાએ આવું કેમ કર્યું હશે! આ વિચાર-વમળમાં તેમની વિવિધ સંભાવનાઓ મનમાં આવે છે. મંથરા કાંતો કૈકેયીની સાચી હિતેચ્છુ હોઈ શકે, જેથી તેની ઈચ્છા એમ હોય કે કૈકેયીનો પુત્ર રાજા બને અને કૈકેયી પોતે રાજમાતા. એમ પણ બની શકે કે તે કૈકેયીની દુશ્મન હોય, કારણ કે તેને એટલી તો ખબર જ હોય કે જો આવા વરદાન માગવામા આવશે તો સમગ્ર અયોધ્યાની પ્રજા તેને ધિક્કારશે જ અને તેના આગળના જીવનમાં માત્ર તિરસ્કાર જ મળે. કદાચ મંથરા માત્ર અયોધ્યાનું નહીં પણ સમગ્ર ભારતવર્ષનું શુભ ઈચ્છતી હોય અને લંકા સુધી આર્ય-સંસ્કૃતિના પ્રચાર માટે રામ અયોધ્યાની બહાર વિચરણ કરે તે તેને જરૂરી લાગ્યું હોય. કદાચ મંથરા લંકેશની હિતેચ્છુ હોય અને તેથી જ તે સીતાનું હરણ કરી શકે તે માટે રામ-સીતાને જંગલમાં મોકલવાની તેની યોજના હોય! મંથરા કદાચ દેવોનું કામ કરવા જન્મી હોય અને તેથી જ રાવણનો સંહાર થાય તે માટે રામને વનવાસ મોકલવાની તેની ગણતરી હોય. કદાચ તે પોતે રામની અશુભચિંતક હોય અને તેથી જ તેમનું જીવન મુશ્કેલ બનાવવા તેણે કૈકેયીને વરદાન માટે પ્રેરી હોય! કાં તો તે રાવણની પણ અશુભચિંતક હોઈ શકે. અથવા તો તે રાવણની અતિ-શુભચિંતક પણ હોઈ શકે, કારણ કે રાવણના આટલા અને આવા અપરાધો પછી રામના હાથે તે મૃત્યુ પામે તો જ તેની સદ્‌ગતિ શક્ય બને.

# સફેદ વાળથી પરેશાન, આ ઉપાયથી થઇ જશે કાળા


શું તમે પણ સફેદ વાળથી પરેશાન છો? આજકાલ લોકો કેમિકલના ઉપયોગથી વાળને કાળા કરે છે. જે બાદ લાંબા ગાળે વાળને નુકશાન પણ થાય છે. તેના ઉપાય માટે, લીમડામાં ભરપૂર પ્રમાણમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે, જે વાળના વિકાસ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તમે લીમડાને નારિયેલ તેલમાં પકવીને તે તેલને માથામાં લગાવી વાળને કાળા કરી શકો છો. આ માટે તમારે નારિયેલ તેલમાં થોડા લીમડાના પાન નાખી તેને ઉકાળવાનું છે. આ બાદ તેને ગાળી



લો અને ઠંડુ કરી તેને માથામાં લગાવો. આમળામાં રહેલું વિટામિન સી વાળને કાળા કરવા માટે ખૂબ જ મદદ કરે છે. તેમાં રહેલી એન્ટીબેક્ટેરિયલ અને એન્ટીઈન્ફ્લેમેટરી પ્રોપર્ટી વાળને કુદરતી રીતે કાળા રાખે છે. તમારે નારિયેલ તેલમાં આમળાનો પાવડર મિક્સ કરીને લગાવવો જોઈએ, આવું કરવાથી તમને અનેક ફાયદા મળે છે. ડુંગળીમાં ભરપૂર વિટામિન સી રહેલું છે, આ સ્કેલ્પની સમસ્યાઓને દૂર કરે છે. જો તમે વાળ ખરવાથી અને સફેદ વાળથી પરેશાન છો તો તમારે નારિયેલ તેલમાં ડુંગળી મિક્સ કરીને વાળમાં લગાવવી જોઈએ. આ સિવાય વિટામિન બી ૧૨,વિટામીન સી કેલ્શિયમ યુક્ત ખોરાક ખાવવો જોઈયે. સાથે જ ફળ, આમળા,ડ્રાયફ્રુટ અને ઈંડાનો પણ ખોરાકમાં સમાવેશ કરવો જોઈએ.

## BOLLYWOOD NEWS FLASH

### નોરા ફતેહીને બાહુબલીઃ ધ બિગનિંગ અને કિક ૨ જેવી ફિલ્મોમાં આઈટમ સૉંગના કારણે લોકપ્રિયતા મળી હતી



# નોરા ફતેહીએ બોલિવૂડ ફિલ્મ મેકર્સ પર માર્યો ટોણો

। મુંબઈ, તા.૨૯ ।

નોરા ફતેહીએ હાલમાં જ તેની કારકિર્દી અને ફિલ્મ ઉદ્યોગના કેટલાક ખરાબ અનુભવો વિશે વાત કરી હતી. નોરા ફતેહી માને છે કે, મુખ્ય ભૂમિકામાં તેને કાસ્ટ ન કરવાનું કારણ તેના ડાન્સ કરવાની પ્રતીભા નથી, પરંતુ મોટા ભાગના ફિલ્મ નિર્માતાઓ તેમની ફિલ્મોમાં તેમના પસંદગીની એક્ટ્રેસને વારંવાર કાસ્ટ કરી રહ્યા છે, જેના કારણે તેણીને સારી તક મળી રહી નથી. નોરા ફતેહીએ ૨૦૧૪માં આવેલી ફિલ્મ 'રોરઃ ટાઈગર્સ ઓફ ધ સુંદરબન'થી પોતાના અભિનયની કારકીર્દીની શરૂઆત કરી હતી, જોકે, તે 'ઓ સાકી સાકી' અને 'માનિકે' જેવા ગીતોમાં તેના ડાન્સ મૂવ્સથી પ્રખ્યાત થઈ હતી. નોરાએ કોઈનું નામ લીધા વિના કહ્યું કે, તેને લીડ રોલ મળતો નથી કારણ કે, ફિલ્મ નિર્માતાઓ માત્ર જાણીતા ચહેરાઓને જ તક આપતા હોય છે, અને નવી ચહેરો શોધતા નથી. નોરા ફતેહીએ જણાવ્યું હતુ કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર માત્ર થોડી જ અભિનેત્રીઓ રાજ કરી રહી છે અને ફિલ્મ મેકર્સ પણ તેના સિવાય કોઈની તરફ ધ્યાન આપતા નથી. અભિનેત્રી નોરાએ ફિલ્મ ઉદ્યોગમાં કઠિન સ્પર્ધાનો ઉલ્લેખ કર્યો, જ્યાં દર વર્ષે મર્યાદિત સંખ્યામાં જ ફિલ્મો બને છે. નોરા ફતેહી આગામી તેલુગુ ફિલ્મ 'ફ૧૪'માં જોવા મળશે, જેમાં તે વરુણ તેજ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. વરુણ તેજના કરિયરની આ સૌથી મોંઘી ફિલ્મ માનવામાં આવી રહી છે. નોરા ફતેહીને 'બાહુબલીઃ ધ બિગનિંગ' અને 'કિક ૨' જેવી ફિલ્મોમાં આઈટમ સૉંગના કારણે લોકપ્રિયતા મળી હતી.

### હાલમાં સંગીતાનો એક વિડીયો વાયરલ થઇ રહ્યો છે જે જોઇને લોકો ચોંકી ગયા છે, સંગીતાના હોટ પોઝ જોઇને લોકો હેરાન થઇ ગયા છે

# સંગીતા બિજલાનીએ ડીપ નેક ડ્રેસ પહેરીને આપ્યા સુપર હોટ પોઝ

। મુંબઈ, તા.૨૯ ।

સંગીતા બિજલાની ૧૯૯૦ના દશકની સૌથી ચર્ચિત એક્ટ્રેસમાંથી એક છે. જો કે હાલમાં સંગીતાએ પોતાની આગવી અદાથી લોકોને હેરાન કરી દીધા છે. તમને જણાવી દઈએ કે સંગીતાએ રવિવારના રોજ એટલે કે ૨૭ ઓગસ્ટની સાંજે મુંબઈમાં મિસ દિવાના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન સંગીતાએ પિંક બોડીકોન કેરી કર્યો હતો અને રેડ કાર્પેટ પર ધમાકેદાર એન્ટ્રી કરી હતી. આ સાથે જોરદાર પોઝ આપ્યા હતા જેનો વિડીયો ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ૬૩ વર્ષની ઉંમરમાં સંગીતા બિજલાનીનો આ અંદાજ જોઈને લોકો



વિચારમાં પડી ગયા કે આ ઉંમરમાં કોઈ આટલું હોટ કેવી રીતે લાગી શકે. આમ તમે તસવીરોમાં જોઈ શકો છો કે સંગીતા બિજલાની કેટલી હોટ લાગી રહી છે. સંગીતાની આ લેટેસ્ટ તસવીરો પરથી એની ઉંમરની અસર કોઈ દેખાતી નથી.

### કરીના કપૂર ખાનની ફિલ્મ જાને જાન આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક છે જેમાં તે વિજય વર્મા અને જયદીપ અહલાવત સાથે જોવા મળશે

# જવાનની રિલીઝ સાથે મોટા પડદા પર લોન્ચ થશે કરીનાની જાને જાનનું ટ્રેલર!

। મુંબઈ, તા.૨૯ ।

કરીના કપૂરની અપકમિંગ ક્રાઈમ થ્રિલર 'જાને જાન' ૨૧ સપ્ટેમ્બરે રિલીઝ થવા માટે તૈયાર છે. આ પહેલા ફિલ્મનું ટ્રેલર લૉન્ચ થવાનું છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'જવાન'ની રિલીઝ સાથે ટ્રેલર મોટા પડદા પર રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે 'જવાન' ૭ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ માટે તૈયાર છે. કરીના કપૂર ખાનની ફિલ્મ 'જાને જાન' આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક છે જેમાં તે વિજય વર્મા અને જયદીપ અહલાવત સાથે જોવા મળશે. હાલમાં જ 'જાને જાન'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે જેમાં કરીના, વિજય અને જયદીપની ઝલક જોવા મળી રહી છે. આ ફિલ્મ ૨૧ સપ્ટેમ્બરે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે.



### નુપુર સેનન સાઉથના સુપરસ્ટાર રવિ તેજા સાથે ફિલ્મ ટાઈગર નાગેશ્વર રાવ દ્વારા પાન ઈન્ડિયામાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે

# કૃતિએ બહેન નૂપુર સેનનની ફિલ્મ ટાઇગર નાગેશ્વર રાવનું પોસ્ટર કર્યું શેર

। મુંબઈ, તા.૨૯ ।

બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનનની નાની બહેન નૂપુર સેનન પણ તેની મોટી બહેનની જેમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું નસીબ અજમાવવા માટે તૈયાર છે. તે પહેલીવાર એક્ટર અક્ષય કુમાર સાથે મ્યુઝિક વીડિયો 'ફિલહાલ'માં જોવા મળી હતી. આ પછી આ ગીતની સિક્વલ 'ફિલહાલ ૨'માં પણ જોવા મળી હતી. હવે નૂપુર તેની પાન ઈન્ડિયા ફિલ્મ 'ટાઈગર નાગેશ્વર રાવ'ને લઈને ચર્ચામાં છે. નુપુર સેનન સાઉથના સુપરસ્ટાર રવિ તેજા સાથે ફિલ્મ 'ટાઈગર નાગેશ્વર રાવ' દ્વારા પાન ઈન્ડિયામાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. સોમવારે ફિલ્મની અભિનેત્રીનો ફર્સ્ટ લૂક રિલીઝ કરવામાં આવ્યો છે, જેને અભિનેત્રી કૃતિ સેનને સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. સાથે જ તેણે પોતાની ખુશી પણ વ્યક્ત કરી છે. પોસ્ટર શેર કરતા અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું છે કે, મારી બહેનની પ્રથમ પાન ઈન્ડિયા ફિલ્મનું પોસ્ટર લૉન્ચ કરતાં વધુ ગર્વ અનુભવું છું.



# બિગ બોસ OTT 2 જીત્યા બાદ એલ્વિસ યાદવે નવા ઘરની ઝલક બતાવી

। મુંબઈ, તા.૨૯ ।

એલ્વિસ યાદવે 'બિગ બોસ ઓટીટી ૨' માં વાઈલ્ડ કાર્ડ સ્પર્ધક તરીકે એન્ટ્રી કરી હતી.જોકે, તે તે જ્યારે બહાર આવ્યો ત્યારે ટ્રોફી લઈને બહાર આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, તે હાલમાં સોશિયલ મીડિયા અને તેના યુટ્યુબ વ્લોગ દ્વારા તેના પર્સનલ લાઈફની ઝલક બતાવી રહ્યો છે. નવીનતમ વ્લોગમાં તેણે તેના નવા ૪ માળના મકાનની ઝલક બતાવી હતી, જે હાલમાં નિર્માણાધીન છે. એલ્વિસ યાદવે વ્લોગમાં જણાવ્યું હતું કે, બિગ બોસ જીત્યા બાદ તે પહેલીવાર તેના નવા ઘરની મુલાકાતે આવ્યો છે. તે ફેન્સે પૂછે છે કે, તેનું તૈયાર થવા જઈ રહેલુ ઘર કેવું લાગે છે? તેના છેલ્લા વ્લોગમાં, યુટ્યુબરે ફેન્સને 'બિગ બોસ ૧૭'માં જોડાવા અંગે સંકેત આપ્યો હતો. તેણે તેના ચાહકોને પૂછ્યું હતું કે, શું તેઓ તેને બિગ બોસના ઘરમાં જોવા માંગે છે કે નહીં. ભૂતપૂર્વ બિગ બોસ સ્પર્ધક અને પ્રખ્યાત ટીવી પર્સનાલીટી મનુ પંજાબી સાથેની વાતચીત દરમિયાન એલ્વિસ તેના અંગત જીવન વિશે ખુલીને વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, જે છોકરી તેની ગર્લફ્રેન્ડ હોવાનો દાવો કરી રહી છે તે વાસ્તવમાં તેની ગર્લફ્રેન્ડ નથી. તે જે છોકરીને ડેટ કરી રહ્યો છે તે પંજાબની છે અને તે ઈચ્છતી નથી કે, તે લાઈમલાઈટમાં આવે.




### રણબીર કપૂર અને નરગીસ ફખરીની સુપરહિટ ફિલ્મ રોકસ્ટાર ફિલ્મનું શૂટિંગ દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાં થયું છે

# દેશની ૧૦ પ્રખ્યાત કોલેજો જ્યાં બોલિવૂડ ફિલ્મોનું શૂટિંગ થયું છે

। મુંબઈ, તા.૨૯ ।

મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજનું કેમ્પસ બોલિવૂડની ઘણી ફિલ્મો અને એડમાં જોવા મળે છે. 'જાને તુ યા જાને ના' થી લઈને 'કુછ કુછ હોતા હૈ' સુધીની ફિલ્મો અહી શૂટ કરવામાં આવી છે. IIM બેંગ્લોરમાં પણ ઘણી ફિલ્મોનું શૂટિંગ થઈ ચુક્યું છે. જેમાં આમિર ખાન, આર. માધવન અને શરમન જોશીની સુપરહિટ ફિલ્મ ૩ ઈડિયટ્સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨ સ્ટેટ્સનું શૂટિંગ પણ IIM અમદાવાદના કેમ્પસમાં થયું હતુ. રણબીર કપૂર અને નરગીસ ફખરીની સુપરહિટ ફિલ્મ રોકસ્ટાર ફિલ્મનું શૂટિંગ દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાં થયું છે. જોકે, તેના કેટલાક દ્રશ્યો સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં પણ શૂટ કરવામાં આવ્યા હતા. દેહરાદૂન સ્થિત ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પણ ઘણી ફિલ્મોમાં જોવા મળી છે. તેમાં કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર પણ સામેલ છે.



# રાજપીપળાની રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ ખાતે વૃક્ષને રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૯ ।

રાજપીપળાની રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ ખાતે વૃક્ષને રક્ષાબંધન કરવાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોલેજની વિદ્યાર્થીની બહેનોએ વૃક્ષને રાખડી બાંધી વૃક્ષનુ જતન કરવાનો સંકલ્પ લઈ પરિઆવરણનો અનોખો મેસેજ આપ્યો હતો.

આ પ્રસંગે પ્રા.હિના માલી અને પ્રા. જિગ્નેશ ભૂરિયા એ કાર્યક્રમનુ સંયોજન કર્યુ હતુ. અને કોલેજના ઈ.ચા. પ્રિન્સિપાલ અને એન.એસ. એસ પ્રોગ્રામ ઓફીસર ડો. હિતેશ ગાંધીએ આયોજન કર્યુ હતુ. અને રક્ષાબંધન અને પરીઆવરણનુ મહત્વ સમજાવ્યું હતું.આ કાર્યક્રમમાં એન.એસ. એસનો અને સમગ્ર સ્ટાફ જોડાયો હતો.

## સાગબારા તાલુકાના વિવિધ આંગણવાડી કેન્દ્ર ખાતે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પર્વ રક્ષાબંધનની ઉજવણી કરાઈ

**નાના ભૂલકાઓને નાનપણમાં જ રક્ષાબંધન અને રાખડીનું મહત્વ સમજાવતા આંગણવાડી કાર્યકર બહેનો**

। રાજપીપળા, તા.૨૯ ।

રક્ષાબંધન એ ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે, તેને પ્રેમ-હેત લાગણીને જીવંત રાખવાના દુરોગામી પ્રયાસના ભાગરૂપે સાગબારા તાલુકાના વિવિધ આંગણવાડી કેન્દ્ર ખાતે નાના ભૂલકાઓએ આ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ સમાન રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી એડવાન્સમાં કરી હતી. આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ભૂલકાઓને રક્ષાબંધનની ઉજવણીનું મહત્વ ખુબ સરળ રીતે સમજાવવામાં આવ્યું હતું.

ભાઈ-બહેન નાની-નાની બાબતોમાં એકબીજા વચ્ચે ગમે તેટલુ ઘર્ષણ થતુ હોય પરંતુ એકબીજા માટેનો પ્રેમ પણ અટુત છે, રક્ષાબંધનનો તહેવાર દરેક ભાઈ-બહેન માટે ખૂબ જ ખાસ છે. વીરની રક્ષા કાજે સુતરના તાંતણે ભાઈ રક્ષા માટે રાખડી બાંધી મનોકામના કરે છે અને ભાઈ બહેનને ભેટ આપી પ્રેમનો એકરાર કરે છે.

રક્ષાબંધન કેમ અને ક્યારે ઉજવવામાં આવે છે તે અંગે ઉદાહરણ પુરુ પાડીને ભાઈના કાંડે બંધાતા રાખડીમાં બહેનની શ્રદ્ધા, ત્યાગ અને રક્ષાની ભાવના તેમજ રાખડી બાંધતી વખતે ભાઈના ભાલ પર તિકલ કરી પૂજાની થાળીમાં રાખવામાં આવતા ચોખા-કંકુ, રાખડી, મિઠાઈ ખવડાવી ઉજવણી કરવામાં આવે છે. નાના બાળકોને પણ બાળપણથી જ આ ઉજવણી પાછળનું મહત્વ સમજાવ્યું હતું. બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ઉમંગથી ઉજવણી કરી હતી.

# સંજેલી શ્રી સરસ્વતી શિશુ મંદિર સંજેલીમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

સંજેલી તાલુકામાં કેશવ એજ્યુકેશન ટ્રસ્ટ સંજેલી સંચાલિત શ્રી સરસ્વતી શીશુ મંદિર સંજેલીમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિધાર્થીઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રાખડી બાંધી હતી. શાળાના સ્ટાફમાં પણ રાખડીઓ બાંધી હતી. શાળાના પ્રમુખ શ્રી વિજયસિંહ રાઉલજી સાહેબ દ્વારા રક્ષાબંધન પર્વની મહત્વ વિશે સમજ આપી હતી. ટ્રસ્ટી શ્રી ડિમ્પલભાઈ દેસાઈએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રક્ષાબંધન પર્વ વિશે માહિતગાર કર્યા હતા અને રક્ષાબંધન પર્વની શુભકામના વ્યક્ત કરી હતી. શ્રી સરસ્વતી શીશુ સંજેલીના આચાર્યા નીતાબેન પ્રજાપતિ દ્વારા તમામ સ્તફગણ અને વિદ્યાર્થીઓને ભાઈ બહેન નાં પવિત્ર તહેવાર રક્ષાંબંધનની શુભકામના વ્યક્ત કરી હતી. શાળાનો તમામ સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

### તારે ઝમીન પર....

# કલેક્ટર કચેરી ખાતે મનોદિવ્યાંગ અને અનાથ બાળાઓએ રક્ષાબંધન પર્વ મનાવ્યું

। મહેસાણા, તા.૨૯ ।

કલેકટર કચેરી મહેસાણા ખાતે મહેસાણા જિલ્લાની મનો દિવ્યાંગ, દિવ્યાંગ અને અનાથ દીકરીઓએ જિલ્લાના વડાઓ તેમજ જન પ્રતિનિધિઓ સાથે રક્ષાબંધનનું પર્વ ઉત્સાહભેર મનાવ્યું હતું.

ભાઈ બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનના તહેવાર ને ધ્યાને લઈને આજ રોજ મહેસાણા જિલ્લાની ત્રણ સંસ્થાઓની બાળાઓએ જિલ્લાના વડાઓ તેમજ જન પ્રતિનિધિઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. મહેસાણાની પિલાજીગંજની બહેરા મુંગાની સરકારી સ્કૂલની, ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણાની મનો દિવ્યાંગ (મંદ બુદ્ધિ) તેમજ ચાઈલ્ડ હેવન ઈન્ટરનેશનલ ઈન્ડિયા- મેઉ ની અનાથ દીકરીઓએ કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર શ્રી એમ.નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અચલ ત્યાગી, મહેસાણા પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ સિંહ જાદવ, ઊંઝાના ધારાસભ્યશ્રી કિરીટભાઈ



પટેલ તેમજ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષશ્રી હરિભાઈ પટેલને કુમકુમ તિલક અને અક્ષત ચોંટાડીને રાખડી બાંધી અને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. મહેસાણા પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ સિંહ જાદવે દિકરીઓને ભેટ આપતા દિકરીઓ ખુશખુશાલ થઈ ગઈ હતી.

રક્ષાબંધન પર્વની આ યાદગાર ઉજવણીમાં દીકરીઓ ખુશ જોવા મળી હતી .જિલ્લા સમાજ સુરક્ષા ધિકારી શ્રી આરતીબેન બોરીચા ખોડીયાર એજ્યુકેશનના ટ્રસ્ટના શ્રી વિષ્ણુભાઈ ચૌધરી બહેરામુંગા શાળાના આચાર્યશ્રી ઉપાધ્યાય બેન શ્રી લક્ષ્મીબેન તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## કારઠ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી

। ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. શાળાના તમામ બાળકો ઉત્સાહભેર જોડાયા. શાળાના આચાર્યશ્રી દ્વારા રક્ષાબંધન પર્વના મહત્વ અંગે વિગતવાર માહિતી વિદ્યાર્થીઓને આપી. શાળાની દીકરીઓએ ભાઈઓની પૂજા કરી, કપાળે તિલક કરી રાખડી બાંધી હતી. રાખડી બાંધી દરેકને મીઠાઈ



ખવડાવી હતી. ભાઈઓએ પણ પોતાની બહેનોને પોતાની યથાશકિત ભેંટ આપી હતી અને રક્ષા કરવાનું વચન આપ્યું હતું.

### ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ દ્વારા

# જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

। કેતન મહેતા ભરૂચ, તા.૨૯ ।

ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર અને જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરુચ દ્વારા જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર સ્પર્ધાનું આયોજન પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર અને જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, નવજીવન સ્કૂલ, પ્રિતમ સોસાયટી ૧, ભરુચ ખાતે કરવામાં આવ્યું હતું. સાયન્સ સેમિનારનો વિષય "શ્રી અન્ન : એક શ્રેષ્ઠ આહાર કે ભ્રમણા?" હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ નિરીક્ષક ડૉ.દિવ્યેશભાઈ પરમાર અને વંદના આયુર્વેદાના ફાઉન્ડર ડૉ.વંદના દામાણી, જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન કીર્તિબેન જોષી અને નવજીવન વિદ્યાલયના આચાર્ય શ્રી રાજેશભાઈ તડવી સાહેબે હાજરી આપી હતી.

આ સેમિનારમાં ૩૫ શાળાના ૪૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમાંકે એસન્ટ સ્કૂલ, અંકલેશ્વરની વિદ્યાર્થિની પલછીન ચૌહાણ, દ્વિતીય ક્રમાંકે એમિટી સ્કૂલ, ભરૂચ CBSEની વિદ્યાર્થી ભાવિકા રાઉત, તૃતીય ક્રમાંકે નારાયણ વિદ્યાલય, ભરૂચની મોદી પ્રેક્ષા આવેલ હતા.નિર્ણાયક તરીકે મુન્શી મહિલા બી.એડ. કોલેજના પ્રાધ્યાપક અદિતીબેન શુક્લ



અને નવજીવન વિદ્યાલય, ભરૂચની વિજ્ઞાન વિષયની શિક્ષકા વિશ્વાબેન જોશીએ સેવા આપી હતી. કાર્યક્રમના અંતે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકોને પ્રમાણપત્ર અને વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર કેશાબેન પ્રજાપતિએ કર્યુ હતું. જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર વિદ્યાર્થી રાજ્ય કક્ષાની સાયન્સ સેમિનાર સ્પર્ધામાં ભરૂચ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# કેન્દ્ર સરકારની મુદ્રા યોજના હેઠળ અમદાવાદના બાબુભાઈ રાવળને વાહન લેવા માટે મળી પાંચ લાખ રૂપિયાની લોન

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા બાબુભાઈ કાળીદાસ રાવળની આ વાત છે. જેઓને વારસામાં જ સંઘર્ષ મળ્યો હતો. તેમણે આ સંઘર્ષને સ્વીકારી પણ લીધો. પરંતુ કેન્દ્ર સરકારની મુદ્રા યોજનાએ તેમનું સમગ્ર જીવન બદલી નાંખ્યું. અત્યારસુધી છૂટક મજૂરી કરતા બાબુભાઈ આજે બની ગયા છે પોતાના નવા નક્કોર વાહનના માલિક. તેઓ અમદાવાદ સહિત આસપાસના શહેરોમાં માલસામાનનું પરિવહન કરીને મહિને હજારો રૂપિયા રળતા થયા છે.

બાબુભાઈ કહે છે કે, મેં કદીયે વિચાર્યું નહોતું કે ધંધા માટે મારું પોતાનું નવું વાહન વસાવી શકીશ. બાબુભાઈને તેમના એક પરિચીત દ્વારા જાણવા મળ્યું હતુ કે કેન્દ્ર સરકાર ઉદ્યોગ સાહસિકોને પોતાનો ધંધો શરૂ કરવા માટે મુદ્રા યોજના અંતર્ગત પરવડે તેવા વ્યાજની લોન આપે છે. જેથી તેમણે સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયામાં પ્રધાનમંત્રી મુદ્રા યોજના માટે એપ્લિકેશન આપી. નવું વાહન લેવા માટે ૬ લાખ રૂપિયાની



જરૂર હતી જેની સામે તેમને મુદ્રા યોજનાના માધ્યમથી પાંચ લાખ રૂપિયાની ઓછા વ્યાજની લોન મંજૂર થઈ. આ રૂપિયાથી તેમણે લોડિંગ વાહન વસાવ્યું. અને આજે તેઓ સફળતાપૂર્વક પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે.આમ, મુદ્રા યોજનાના લાભ થકી બાબુભાઈ પગભર બન્યા છે. અને આવી લોકકલ્યાણકારી યોજના બદલ તેઓ કેન્દ્ર સરકારનો આભાર પણ વ્યક્ત કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, માઈક્રો-યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઈનાન્સ એજન્સી (મુદ્રા) એ પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) હેઠળ કાર્યરત છે.

## નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે : શંકરભાઈ ચૌધરી

। ગાંધીનગર, તા.૨૯ ।

વિધાનસભા સત્ર સહિતની સંપુર્ણ કામગીરી પેપરલેસ કરી ડિજિટાઈઝ બનાવવા ગુજરાત વિધાનસભા સજ્જ થઈ ગયું છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનાર વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે અંતર્ગત રાજ્યના તમામ ધારાસભ્યશ્રીઓને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યોશ્રીઓ માટે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે, 'વન નેશન વન એપ્લિકેશન'ની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અનુસંધાને ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં આજે ગુજરાતે મક્કમ પગલું ભર્યું છે. નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યશ્રીઓ ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે આજથી તમામ ધારાસભ્યશ્રીઓને તાલીમબદ્ધ કરવામાં આવશે. ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજીટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા "કુપોષણથી આઝાદી" વિષય ઉપર તાલીમ કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૨૯ ।

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આસ્પી પોષણ અને સમુદાય વિજ્ઞાન કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા કાંટ ગામે એક "કુપોષણથી આઝાદી" વિષય ઉપર એક પોષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં કાંટ ગામની મહિલાઓ અને કિશોરીઓ મળીને કુલ ૧૪૫ થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફીસર ડો. પ્રીતિ એચ. દવે દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિવિધ પોષક તત્વોની ઉણપથી થતાં રોગો, કુપોષણના ચિહ્નો, કુપોષણથી બચવા માટે કેવો આહાર લેવો, ભોજનને



સંતુલિત બનાવવા માટે શું કરવું વગેરે જેવી કુપોષણ નિવારણ માટે જરૂરી અગત્યના મુદ્દાઓની સરળ ભાષામાં સમજૂતી આપી હતી. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ ગામમાં પોષણ જાગૃતિ ઉપર રેલી કાઢી હતી. સ્વયંસેવકો દ્વારા કુપોષણ નાબૂદી ઉપર બે સુંદર નાટકો પણ રજૂ કરવામાં આવ્યાં હતા. મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. પ્રવાસ કરવા માટે બહુ સારો દિવસ નથી. તમાર પરિણીત જીવનના શ્રેષ્ઠ દિવસની અનુભૂતિ તમે આજે કરશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા ઘર ની નજીક ના કોઈ કહેશે કે આજે તમારી સાથે સમય વિતાવશે પરંતુ તમારી પાસે તેમના માટે સમય નહીં હોય.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આજે તમે કોઈ સાથીદાર સાથે સાંજ વિતાવી શકો છો, જોકે અંત માં તમને એમ લાગશે કે તમે તેમની સાથે સમય બરબાદ કર્યો છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. કારકિર્દીને લગતા તમારા નિર્ણયો તમે જાતે જ લો અને તમને તેના લાભ મળશે. તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા લોકો સાથે જોડાવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના ખાસ દિવસે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો. કામમાં પરિસ્થિતિ તમારી તરફેણમાં હોય એવું જણાય છે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપ શો. એવી પૂરેપૂરી શક્યતા છે કે તમારી આસપાસના લોકો તમારા સંબધોમાં મતભેદ પાડવાની કોશિષ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

## UKમાં દર વર્ષે હજારો લોકો ઈંગ્લિશ ચેનલ પાર કરીને ગેરકાયદે રીતે ઘૂસણખોરી કરે છે

। નવી દિલ્હી, તા.૨૯ ।

અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશતા લોકો જો પકડાય તો તેમને ટ્રેક કરવા માટે ઘણીવાર ઈલેક્ટ્રોનિક ટેગ્સ પહેરાવવામાં આવતા હોય છે. તેવામાં હવે યુકેમાં પણ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પર નજર રાખવા માટે તેમને પણ ઈલેક્ટ્રોનિક ટેગ કે જેને દેશી ભાષામાં કડું કહેવામાં આવે છે તે પહેરવાની ફરજ પાડવામાં આવી શકે છે. યુકેમાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ઈંગ્લિશ ચેનલ પાર કરીને નાની બોટ્સમાં ગેરકાયદે રીતે પહોંચતા હોય છે, હાલના પીએમ રિશી સુનક ગેરકાયદે રીતે યુકેમાં આવતા લોકો સામે સખ્ત કાર્યવાહી કરી તેમને ફટાફટ ડિપોર્ટ કરી રહ્યા છે ત્યારે હવે આવા લોકો પર નજર રાખવા યુકે જલ્દી એક નવો જ પ્લાન અમલમાં મૂકવા જઈ રહ્યું છે. આમ તો ઈલીગલ ઈમિગ્રન્ટ્સને કડું પહેરાવવાની દરખાસ્ત એકાદ વર્ષ પહેલા રજૂ કરવામાં આવી હતી, પરંતુ તેનો અમલ હવે આવનારા દિવસોમાં થઈ શકે છે. ટેલીગ્રાફના એક રિપોર્ટ અનુસાર જીપીએસ ટ્રેકર દ્વારા ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પર રિયલ ટાઈમ નજર રાખવામાં આવશે, અને તેમને દિવસમાં એકથી વધુ વાર ઈમિગ્રેશન ઓફિસરને ટેક્સ્ટ મેસેજ મોકલવાના રહેશે. જો ટ્રેકર પહેરેલો કોઈ વ્યક્તિ ભાગી જવાનો કે પછી ટ્રેકર કાઢવાનો પ્રયાસ કરશે તો તેને જામીન મેળવવાનો કે યુકેમાં રહેવાનો કોઈ હક્ક નહીં મળે અને આવા વ્યક્તિને તાત્કાલિક ડિપોર્ટ કરી દેવામાં આવશે. યુકેમાં હાલ ઈલીગલ ઈમિગ્રન્ટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે દેશમાં ઈમિગ્રેશન ડિટેન્શન સેન્ટર્સમાં જગ્યા નથી રહી, તેવામાં રોજબરોજ મોટી સંખ્યામાં ગેરકાયદે રીતે યુકેમાં ઘૂસતા લોકોને ડિટેઈન કરીને કસ્ટડીમાં રાખવા મુશ્કેલ બની રહ્યું છે. આ સ્થિતિમાં યુકેના ઈમિગ્રેશન વિભાગે ઈલીગલ ઈમિગ્રન્ટ્સને જામીન પર છોડી તેમના પર નજર રાખવા તેમને ઈલેક્ટ્રોનિક ટેગ્સ પહેરાવવાનો પ્લાન અમલમાં મૂકવાની તૈયારી શરૂ કરી છે. યુકેમાં બોટ દ્વારા ઈંગ્લિશ ચેનલ પાર કરી ગેરકાયદે રીતે ઘૂસતા લોકોનો આંકડો સતત વધી રહ્યો છે.

### પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર કામગીરી આરંભી દીધી

## ભારતના પ્રજ્ઞાન અને ચીનની યુટુ-ર રોવરના સામનાની શક્યતા નહિવત

### બંને રોવરની વચ્ચેનું અંતર લગભગ ૧૯૪૮ કિમી જેટલું, એવું પહેલી વખત બન્યું છે કે પૃથ્વીના બે રોવર ચંદ્ર પર સાથે છે

। નવી દિલ્હી, તા.૨૯ ।

ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરમાંથી બહાર નિકળ્યા બાદ પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર કામગીરી આરંભી દીધી છે. ત્યારે ખાસ બાબત એ છે કે ચીનનું યુટુ ૨ રોવર પણ ચંદ્ર પર કાર્યરત છે. ત્યારે એવા પ્રશ્નો થાય કે શું બંને રોવરનો એકબીજા સાથે સામનો થશે કે નહિ ? વર્તમાન સમયમાં ચંદ્ર પર ભારતનું પ્રજ્ઞાન રોવર અને ચીનનું યુટુ ૨ રોવર કાર્યરત છે. ચીને તેનું રોવર ૨૦૧૯ માં ચંદ્ર પર મોકલ્યું હતું. ૩ જાન્યુઆરી ૨૦૧૯ માં ચીન દ્વારા સાઉથપોલ- એટીકન બેસિનમાં ચાંગ ઈ-૪ વોન કારમન ક્રેટરમાં લેન્ડ કરવામાં આવ્યું હતું. અમેરીકન સ્પેસ એજેન્સી નાસા મુજબ લેન્ડીંગના કાર્ડીનેટ્સ ૪૫.૪૫૬૧ દક્ષિણ અક્ષાંશ અને ૧૭૭.૫૮૮૫ પૂર્વ રેખાંશ પર છે. જ્યારે ચંદ્રયાન- ૩ એ ૬૯.૩૬૭૬૨૧ દક્ષિણ અને ૩૨.૩૪૮૧૨૬ પૂર્વમાં લેન્ડ કરવાની યોજના બનાવી હતી. ભારતીય સ્પેસ એજેન્સી ઈસરો મુજબ ચંદ્રયાન- ૩ તેના નિર્ધારિત એરિયામાં લેન્ડ થયું છે. હૈદરાબાદના એક્સડીએલઆઈએનએક્સના સૈયદ અહેમદે કહ્યું કે બંને રોવરની વચ્ચેનું અંતર લગભગ ૧૯૪૮ કિમી જેટલું છે. જ્યારે અન્ય જાણકાર શાનમુગા સુબ્રમણ્યમે અનુમાન લગાવ્યું કે બંને રોવર વચ્ચેનું અંતર ૧૮૯૦ કિમી જેટલું છે. આ સાથે એમણે એવું પણ જણાવ્યું હતું કે એવું પહેલી વખત બન્યું છે કે પૃથ્વીના બે રોવર ચંદ્ર પર સાથે છે.

### ઓગસ્ટ ૨૦૨૩નું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર

## ભારતને ઓગસ્ટમાં ટોચની ટૂર્નામેન્ટ્સમાં ત્રણ મેડલ મળ્યા

### રાષ્ટ્રીય ખેલ દિવસ ખાસ બન્યો, ધ્યાનચંદની ૧૧૮મી જન્મજયંતિ પહેલા જેવલીન થ્રોવર નીરજ ચોપરા, યુવા ચેસ સ્ટાર પ્રજ્ઞાનાનંદા અને બેડમિંટનના અનુભવી એચએસ પ્રણોયનું શાનદાર પ્રદર્શન

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઓગસ્ટનું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર રહ્યું છે. દેશને ત્રણ અલગ-અલગ રમતોની મુખ્ય ટુર્નામેન્ટમાં ત્રણ અલગ-અલગ મેડલ મળ્યા. જેના કારણે રાષ્ટ્રીય ખેલ દિવસ ખાસ બન્યો છે. હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ પર દેશમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટે ખેલ દિવસ ઉજવવામાં આવે છે. ધ્યાનચંદની ૧૧૮મી જન્મજયંતિ પહેલા જેવલીન થ્રોવર નીરજ ચોપરા, યુવા ચેસ સ્ટાર પ્રજ્ઞાનાનંદા અને બેડમિંટનના અનુભવી એચએસ પ્રણોયે શાનદાર પ્રદર્શન બતાવી દેશને એક અઠવાડિયામાં ખેલ દિવસ ઉજવવાની તક આપી હતી.

ભારતના ગોલ્ડન બોય તરીકે ઓળખાતા નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં કમાલ કરી બતાવ્યું હતું. તેણે ૨૭ ઓગસ્ટે હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં ઈતિહાસ રચ્યો હતો. નીરજે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર દેશનો પ્રથમ એથ્લેટ બન્યો હતો. નીરજે બુડાપેસ્ટ નેશનલ એથ્લેટિક્સ સેન્ટર ખાતે ૮૮.૧૭ મીટરના થ્રો સાથે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઓલિમ્પિક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને ડાયમંડ લીગમાં ચેમ્પિયન બનેલા આ ખેલાડીએ આ ટુર્નામેન્ટ પહેલા માત્ર વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ માં ગોલ્ડ મેલડ જીત્યો ન હતો, પરંતુ હવે તેની પાસે ગોલ્ડ મેડલ છે. ગત વખતે નીરજે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

## એશિયા કપમાં એક પણ મેચ હાર્યા વીના છ વખત ટાઈટલ ચેમ્પિયન બન્યા

। નવી દિલ્હી, તા.૨૯ ।

ક્રિકેટ જગતમાં એશિયા કપ તેની શરૂઆતના ૪૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યો છે અને ૧૬મી આવૃત્તિ આવતીકાલથી શરૂ થઈ રહી છે. જો કે આવું માત્ર ૬ વખત બન્યું છે જ્યારે કોઈ ટીમ એક પણ મેચ હાર્યા વિના ટાઈટલ જીતવામાં સફળ રહી હોય. આમાં ત્રણ વખત આ સિદ્ધિ ભારતીય ટીમના કેપ્ટનના નામે, એક વખત પાકિસ્તાનના અને બે વખત શ્રીલંકાના નામે નોંધાઈ છે.

એક પણ મેચ હાર્યા વિના એશિયા કપની ટ્રોફી જીતનાર કેપ્ટનોની વાત કરીએ તો આ લિસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરનું નામ સૌથી ઉપર છે. ગાવસ્કરે વર્ષ ૧૯૮૪માં ભારતને એશિયન ચેમ્પિયન બનાવ્યું હતું. જો કે તે સમયગાળા દરમિયાન માત્ર ત્રણ મેચ રમાઈ હતી. ભારતે શ્રીલંકા અને પાકિસ્તાન સામેની બંને મેચ જીતી હતી. આ ઉપરાંત વર્ષ ૧૯૯૭માં અર્જુન રણતુંગાએ શ્રીલંકાને એક પણ મેચ હાર્યા વિના ખિતાબ જીતવામાં મદદ કરી હતી.

વર્ષ ૨૦૦૦માં પાકિસ્તાનને મોઈન ખાને આ જ રીતે જીત અપાવી હતી જ્યારે વર્ષ ૨૦૧૪માં શ્રીલંકા માટે એન્જેલો મેથ્યુઝે આ કામ કર્યું હતું. આ ઉપરાંત એમએસ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે એક પણ મેચ હાર્યા વિના ૨૦૧૬માં એશિયા કપની ટ્રોફી ઉપાડી હતી. તે દરમિયાન આ ટૂર્નામેન્ટ ટી૨૦ ફોર્મેટમાં રમાઈ હતી, જ્યારે વર્ષ ૨૦૧૮માં રોહિત શર્માના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ આવી જ રીતે ચેમ્પિયન બની હતી. તે દરમિયાન એક મેચ ટાઈ થઈ હતી, જેનું નેતૃત્વ ધોનીએ કર્યું હતું.

### ‘નો - ફેનોક્સિએથેનોલ’ અને ‘૧૦૦ ટકા વેજીટેરિયન ઓરિજીન’

## ચિક્કો બેબી મોમેન્ટ્સ કોસ્મેટિક્સ એ ગુજરાતમાં નવા યુગના માતા-પિતાનું નવું પસંદગીદાર

બાળકોના સંભાળ માટે દુનિયામાં પ્રસિદ્ધ નામ ‘‘ચિક્કો’’ જે બાળકો માટે સલામત અને અદ્યતન ઉત્પાદનો ઓફર કરીને નવીનતામાં સૌથી આગળ છે. એટલું જ નહીં ૧૬૦ થી વધુ દેશોમાં પોતાની ઉપસ્થિતિ સાથે ચિક્કો નાના બાળકો માટે શ્રેષ્ઠ પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતા માટે જાણીતું પણ છે. ચિક્કો બેબી મોમેન્ટ્સે એક દાયકા પહેલા ભારતમાં પેરાબેન્સ મુક્ત બેબી કોસ્મેટિક્સની લોન્ચ કરીને સલામતી અને સંભાળ માટે એક નવું માનક સ્થાપિત કર્યું હતું. ગયા વર્ષે ચિક્કોએ ફરી એકવાર બેબી મોમેન્ટસ કોસ્મેટિક્સની અદ્યતન ‘નો-ફેનોક્સિએથેનોલ’ રેન્જ લોન્ચ કરીને નવીનતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે જે બાળકની સંભાળની દુનિયામાં નોંધપાત્ર માઈલ્ડસ્ટોન છે. પરંતુ સુરક્ષા પ્રત્યે ચિક્કોની પ્રતિબદ્ધતા અહીં અટકતી નથી. ચિક્કો બેબી મોમેન્ટ્સ પ્રોડક્ટ્સ ફેનોક્સિએથેનોલ અને પેરાબેન્સથી મુક્ત હોવા ઉપરાંત તેઓ ટ્રોપોલોન, એસએલએસ, એસએલઈએસ, ડાયઝ અને આલ્કોહોલથી પણ મુક્ત છે, જે સુનિશ્ચિત કરે છે કે માત્ર સૌથી કોમળ તત્વો જ પોતાના બાળકની નાજુક ત્વચાને સ્પર્શે છે. ચિક્કો બેબી મોમેન્ટ્સને જે વસ્તુ અલગ પાડે છે તે ૧૦૦ ટકા શાકાહારી મૂળના સામગ્રીનો ઉપયોગ કરવા પ્રત્યેનું સમર્પણ છે, જે બાળકોને જરૂરી પોષણ પૂરું પાડવા માટે જાણિતું છે. સલામતી અને પ્રકૃતિ બંનેને પ્રાથમિકતા આપતા ઉત્પાદનોની ડિલિવરી કરવા માટે ચિક્કોની અતૂટ પ્રતિબદ્ધતાનો આ એક પ્રમાણ છે.




ગુજરાતની પોતાની તાજેતરની મુલાકાત દરમિયાન શ્રી રાજેશ વોહરાએ બાળકો માટે શ્રેષ્ઠ પ્રદાન કરવા માટે ચિક્કોમાં ચાલી રહેલા સમર્પણ પ્રત્યે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ‘‘ચિક્કોમાં અમે આધુનિકતાની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે અમારા ૬૫ વર્ષના વૈશ્વિક અનુભવ અને વૈજ્ઞાનિક જ્ઞાન દ્વારા પ્રેરિત છીએ. એક વર્ષ પહેલાં અમે કુદરતી ઘટકોથી ભરપૂર નો-ફેનોક્સિએથેનોલ બેબી કોસ્મેટિક્સ રજૂ કરીને બાળકની સંભાળમાં આગળ વધવાની સફર શરૂ કરી હતી.

### રક્ષાબંધનના પ્રસંગે

## ઝી ટીવીના કલાકારો તેમના જીવનમાં ભાઈ-બહેનના મહત્વને વર્ણવે છે

ઓગસ્ટ મહિનો ભારતમાં તહેવારની શરૂઆત છે અને તે રક્ષાબંધનની સાથે શરૂ થાય છે, જે ભાઈ-બહેનની વચ્ચેના સુંદર સંબંધની ઉજવણી કરતો તહેવાર છે. ભાઈ-બહેન એક અલગ જ સંબંધ ધરાવે છે, તેઓ એ છે, જે તમારા માટે કંઈપણ કરી શકે છે, પણ તમે તેમની મંજૂરી વિના તેમની વસ્તુઓનો ઉપયોગ કરશો તો તે નહીં ચલાવે. અને હવે પરંપરાથી વિરુદ્ધ, આજે રક્ષાબંધનએ ફક્ત એક ભાઈ અને એક બહેન વિશે જ નથી પણ તે પછી બે બહેન હોય કે બે ભાઈ હોય કે એક ભાઈ અને એક બહેન હોય ગમે તેને લાગુ પડે છે. રક્ષાબંધનએ તમારા ભાઈ કે બહેનના કાંડા પર રાખડી બાંધવા વિશેની જ વાત છે, જે દર્શાવે છે કે, બંને એકબીજાની સાથે હંમેશા જોડાયેલા રહેશે. આ દિવસ નિમિતે, ઝી ટીવીના કલાકારો, જેવા કે,



ભાગ્ય લક્ષ્મીનો રોહિત સુચાંતિ, કુંડલી ભાગ્યની માનિત જૌરા, રબ સે હૈં દુઆની અદિતી શર્મા, કુમકુમ ભાગ્યની ક્રિષ્ના કૌલ, મીતની આશી સિંઘ, પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિનો અર્જુન બિજલાની,મૈત્રીની શ્રેણુ પરિખ અને પ્યાર કા પહેલા નામ રાધા મોહનની સંભાબના મોહન્તિ તેમના ભાઈ-બહેનનો તેમના માટે કેટલો અર્થ ધરાવે છે તે વ્યક્ત કરી રહ્યા છે અને તેઓ આ વર્ષે તહેવારની ઉજવણી કઈ રીતે કરશે તેનું આયોજન કરશે.

રોહિત સુચાંતિ, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં રિષીનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, ‘‘રક્ષાબંધનએ ભાઈ-બહેનની વચ્ચેના પ્રેમ અને રક્ષણની ઉજવણો એક ખાસ પ્રસંગ છે. બે અલગ-અલગ દેશોમાં હોવા છતા પણ મારી બહેન મને ક્યારેય રાખડી મોકલવાનું ચુકતી નથી. હું નસીબદાર છું કે, મારા જીવનમાં તે છે, મારા માટે તે બીજી માતા છે. જ્યારે પણ મારા માતા-પિતાની સાથે હું મુશ્કેલીમાં હોઉં તો, તે હંમેશા મારું ધ્યાન રાખે છે, તે હંમેશા મને મદદ પણ કરે છે. આ દિવસ માટે તે મને હંમેશા મને યાદ અપાવે છે કે, તે મારી સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ છે અને મને નથી ખબર કે, તેના વગર હું શું કરીશ.

## વિશેષ

### વેસુ (પીપલોદ) ખાતે અત્યાધુનિક પાંચ માળનું પંચાયત ભવન સાકાર

# રૂ.૪૭.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત સુરત જિલ્લા પંચાયત ભવનનું ૩૧મીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ થશે

### નવા ઈકો ફ્રેન્ડલી ભવનમાં સોલાર રૂફટોપ, વરસાદી પાણીના સંગ્રહ અને યોગ્ય ઉપયોગ માટે રેઈનવોટર હાર્વેસ્ટીંગની સુવિધા

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા. ૩૧/૮/૨૦૨૩ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે બિગબજારની પાછળ, સુરત-ડુમસ રોડ, પીપલોદ(વેસુ) ખાતે રૂા.૪૭.૪૦ કરોડના ખર્ચે સુરત જિલ્લા પંચાયતના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરશે. ત્યારબાદ ૩.૩૦ વાગ્યે કન્વેન્શન સેન્ટર, સરસાણા ખાતે લોકાર્પણ સમારોહ યોજાશે.

આ વેળાએ કેન્દ્રીય રેલવે અને ટેક્સ્ટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, નાણા, ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, પંચાયત, કૃષિ રાજયમંત્રીશ્રી બચુભાઈ ખાબડ, સાંસદશ્રી સી.આર.પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, આદિજાતિ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.કે. વસાવા સહિત ધારાસભ્યો, પદાધિકારી-અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.





**જિલ્લા પંચાયતની તમામ શાખાઓ નવા ભવનમાં થશે સ્થળાંતરિત**

સુરત જિલ્લા પંચાયત કચેરી ચોકબજાર, દરિયા મહેલ સ્થિત ૮૦ વર્ષ જૂના બિલ્ડીંગમાં કાર્યરત છે. આ જૂની બિલ્ડીંગનું તા.૫/૧૧/૧૯૩૪ના રોજ બાંધકામ થયું હતું. સુરત શહેર-જિલ્લાના વિકાસ અને વસ્તીમાં વધારો, અધિકારી-કર્મચારી, પદાધિકારી અને વિવિધ શાખાની સંખ્યામાં વધારો થતા ઓછી જગ્યાના કારણે મુશ્કેલી અનુભવાતી હતી. આ ઉપરાંત, પાર્કિંગ સહિતની અગવડતાને ધ્યાને લઈ નવા ભવન માટે રાજયના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે નવા બિલ્ડીંગના બાંધકામ માટે રૂા.૨૯.૪૦ કરોડ ફાળવ્યા હતા, જ્યારે સુરત જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ.૧૮ કરોડની ફાળવણી સાથે કુલ રૂ.૪૭.૪૦ કરોડના ખર્ચે આ નવું મકાન ખૂબ ટૂંકા ગાળામાં ઝડપભેર સાકાર થયું છે, જેનું કન્સ્ટ્રકશન વર્ક તા.૧૮-૦૧-૨૦૨૨ ના રોજ શરૂ કરાયું હતું. આ મકાનથી પદાધિકારી-અધિકારીઓ, કર્મચારીઓ અને પોતાના કામ અર્થે આવતા અરજદારોની સુવિધાઓમાં વધારો થશે.

**નવું ભવન બન્યું છે ઈકો ફ્રેન્ડલીઃ ગ્રાઉન્ડ ફ્લોરમાં બે માળવાળું ૨૦૦ કારો અને ૬૦૦ બાઈક પાર્ક થઈ શકે તેવું મલ્ટીલેયર પાર્કિંગ**

આ પંચાયત ભવનનો કોર્પોરેટ લૂક અન્ય સરકારી બિલ્ડીંગોથી અલગ તરી આવે છે. વેસુ મેઈન રોડ, ખાતે લાન્સર્સ આર્મી સ્કુલની બાજુમાં, પીપલોદ ખાતે ૧૦,૦૦૦ ચો.મી. જગ્યા ઉપર ગ્રાઉન્ડ પાંચ માળનું નવું પંચાયત ભવન નિર્માણ પામ્યું છે. જેમાં કુલ ૨૨ પ્રકારની વિવિધ શાખાઓ/કચેરીઓના સમાવેશ સાથે સભાખંડ, મિટીંગ રૂમ, વેઈટીંગ રૂમ, ગ્રાઉન્ડ ફ્લોરમાં બે માળવાળું ૨૦૦ કારો અને ૬૦૦ બાઈક પાર્ક થઈ શકે તેવું મલ્ટીલેયર પાર્કિંગ, લેબોરેટરી, લાઈબ્રેરી, સ્ટ્રોંગરૂમનો સમાવેશ છે. ખાસ કરીને નવું ભવન ઈકો ફ્રેન્ડલી બને તે માટે સોલાર રૂફટોપ, વરસાદી પાણીના સંગ્રહ અને યોગ્ય ઉપયોગ માટે રેઈનવોટર હાર્વેસ્ટીંગ કરવામાં આવશે. બિલ્ડીંગ ભૂકંપપ્રૂફ છે અને આગ જેવી ઘટના ન સર્જાય તે માટે ફાયર સેફટીનો ખાસ ખ્યાલ રખાયો છે. આ ભવનના બાંધકામ બાદ પણ વધુ બાંધકામની ભાવિ જરૂરિયાતને અનુલક્ષીને હજુ ૮૪૦૦ ચો.મી.નો ઓપન એરિયા ઉપલબ્ધ છે.

ન્યૂઝ બ્રિફ

## વરસાદ ખેચાતા ૮ની જગ્યા હવે ૧૦ કલાક વીજળી અપાશે

। ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્યમાં વરસાદ ખેચાતા જગતનો તાત ચિંતિત બન્યો છે. ત્યારે ખેડૂતોને લઈ ઉર્જા મંત્રીએ મોટી જાહેરાત કરી છે. પિયત માટે રાજ્યના ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ કલાક વધુ વીજળી આપવાની સાથો સાથ નર્મદા અને સુજલામ સુફલામમાં સિંચાઈ માટે પાણી છોડવાની પણ જાહેરાત કરાઈ છે મંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી લોકોની સુખાકારી માટે લોક ઉપયોગી નિર્ણયો કર્યા છે, જૂલાઈમાં ૮૦ ટકા વરસાદ થયો છે,અત્યારે વરસાદની ખોટ સર્જાઈ છે પાણી છતાં પાક સુકાય રહ્યો છે. ખેડૂતોની કૃષિ મંત્રીને રજૂઆતો આવી છે જેને લઈ વીજળી અને પાણી આપવાની જાહેરાત કરાઈ છે, વીજળી ખેડૂતોને આઠ કલાક અપાય છે જેની જગ્યા હવે ૧૦ કલાક આપવામાં આવશે. જેમા કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે.

## અમદાવાદમાં યુવતી સાથે યુવકની મિત્રતાને લઈને યુવકને ઢોર માર મરાયો

। અમદાવાદ, તા.૨૯ ।

વડોદરા બાદ અમદાવાદમાં પણ યુવતી સાથે મિત્રતા બદલ યુવકને માર મારવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં યુવક-યુવતીનો વીડિયો વાયરલ થયો છે. વીડિયોમાં કેટલાક શખ્સો યુવકને માર મારતા જોવા મળી રહ્યા છે. યુવતી સાથે યુવકની મિત્રતાને લઈને યુવકને માર મારવામાં આવ્યો હોવાની માહિતી મળી રહી છે. વીડિયો અમદાવાદના દાણીલીમડા વિસ્તારનો હોવાની શક્યતા સેવાઈ રહી છે. અમદાવાદમાં યુવક અને યુવતીની મિત્રતાને લઈને કેટલાક શખ્સો યુવકને માર માર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, કેટલાક શખ્સો યુવકને માર મારી રહ્યા છે. લોકો યુવકને તેનું નામ પૂછીને માર મારી રહ્યા છે.



જમાલપુરની હિંદુ અને મુસ્લિમ મહિલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટેચ્યુને રાખડી બાંધી હતી

### વિધાનસભા સત્ર સહિતની સંપૂર્ણ કામગીરી પેપરલેસ

## ગુજરાત વિધાનસભાની કામગીરીનું ડિજિટલાઇઝેશન

। ગાંધીનગર, તા.૨૯ ।

વિધાનસભા સત્ર સહિતની સંપૂર્ણ કામગીરી પેપરલેસ કરી ડિજિટલાઈઝ બનાવવા ગુજરાત વિધાનસભા સજ્જ થઈ ગઈ છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનારું વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. આ અંતર્ગત રાજ્યના તમામ ધારાસભ્યોને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-નૃઈફછની તાલીમ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યો માટે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, ’વન નેશન વન એપ્લિકેશન’ની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અનુસંધાને ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં આજે ગુજરાતે મક્કમ પગલું ભર્યું છે. નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગથી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યો ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે આજથી તમામ ધારાસભ્યોને તાલીમબદ્ધ કરવામાં આવશે. અધ્યક્ષે ઉમેર્યું હતું કે, ‘ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજિટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે. એટલું જ નહીં, વિધાનસભા કામગીરી સાથે જોડાયેલી તમામ બાબતોને આ એપ્લિકેશનમાં આવરી લઈ ધારાસભ્યો પણ આંગળીના ટેરવે તમામ માહિતી મેળવી શકશે. આ ઉપરાંત ગૃહમાં આવેલા પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી પણ એપ્લિકેશનના માધ્યમથી આપી શકશે.’ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરાયેલી ટેબલેટની ઝડપી ખરીદી સહિતની કામગીરી બદલ આભાર વ્યક્ત કરી અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિધાનસભાના અધિકારી તથા કર્મચારીઓને પણ સમગ્ર વ્યવસ્થાઓ ત્વરિત ઉભી કરવા બદલ અભિનંદન આપ્યા હતા. વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિધાનસભા નવતર પહેલ કરવા જઈ રહી છે. આગામી મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. આ સંદર્ભમાં નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-નૃઈફછની તાલીમ આપવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે.’

### શાળાએ જવાનું કહીને દફતર લઈને નીકળ્યા પછી મળતા નથી

## બાપુનગર વિસ્તામાંથી એક સાથે પાંચ મિત્રો ગુમ થયા

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેરનાં બાપુનગર વિસ્તારમાંથી ૫ મિત્રો શુક્રવારે સવારે શાળાએ જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. પરંતુ સ્કૂલનો સમય પૂર્ણ થવા છતાં બાળકો ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. બાળકોની કોઈ ભાળ ન મળતા પરિવારજનો દ્વારા આ અંગે બાપુનગર પોલીસને જાણ કરતા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરનાં પૂર્વ વિસ્તારમાં બાપુનગર ખાતે રહેતા પાંચ મિત્ર સવારે શાળાએ જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. ત્યારે તેમાં એક પરિવારનો બાળક ધો. ૯ માં અભ્યાસ કરે છે. સગીર રોજનાં સમય મુજબ સ્કૂલેથી ઘરે સમયસર પરત ન ફરતા પરિવારજનો દ્વારા સગા સબંધીને ત્યાં શોધખોળ કરી હતી. પરંતુ બાળકોની કોઈ ભાળ મળવા પામી ન હતી. જે બાદ પરિવારજનો દ્વારા તેનાં મિત્રોને ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેનાં ચાર મિત્રો પણ સ્કૂલે ગયા બાદ પરત આવ્યા નથી. એક સાથે પાંચ સગીરો ગુમ થતા પરિવારજનો ચિંતામાં મુકાઈ જવા પામ્યા હતા. પાંચેય સગીરનાં વિદ્યાર્થીઓ એક સાથે ગુમ થતા પરિવારજનોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યારે બાળકોનાં પરિવારજનો દ્વારા એસ ટી સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન સહિતની જગ્યાઓએ સગીરોની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેઓની ક્યાંય ભાળ મળવા પામી ન હતી. બાળકો બે દિવસ વીતવા છતાં પણ પરત ઘરે ન આવતા આ બાબતે એક સગીર બાળકની માતાએ બાપુનગર પોલીસ મથકે આ બાબતે જાણ કરી હતી. જે બાદ બાપુનગર પોલીસે હાલ તો અપહરણનો ગુનો નોંધી તપાસનાં ચક્રોગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ પાંચેય બાળકોને ભણવામાં કોઈ રૂચી ન હતી. તેવું પરિવાજનોનું માનવું છે. તેમજ પાંચમાંથી બે બાળકો બાપુનગર વિસ્તારમાં આવેલ કારખાનામાં મજૂરી કામ કરતા હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ દ્વારા સ્કૂલમાં તપાસ કરતા પાંચેય બાળકો સ્કૂલમાં પણ નિયમિત જતા ન હોવાનું જાણવા મળ્યું છે. બાપુનગર પોલીસ મથકે એક સાથે પાંચ બાળકો ગુમ થયાની ફરિયાદ નોંધાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ત્યારે પોલીસ દ્વારા બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન તેમજ તે વિસ્તારમાં લાગેલ સીસીટીવીની તપાસ હાથ ધરતા એક સીસીટીવીમાં પાંચેય બાળકો દેખાય છે. પોલીસે હાલ સીસીટીવીનાં આધારે આગળની તપાસ હાથ ધરી છે. તેમજ પોલીસ દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલ પાંચેય સગીરોનાં ફોટા મોકલી આપતા પોલીસ દ્વારા દરેક જગ્યાએ બાળકોની શોધખોળ હાથ ધરાઈ છે.

### રાખડી બાંધવાને લઈ મૂંઝવણ યથાવત

## ડાકોર-દ્વારકામાં ૩૧ તો ઇસ્કોન મદિરમાં ૩૦ ઓગસ્ટે ઉજવણી

### શ્રાવણ સુદ પૂનમ આ વખતે ૩૦ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યેને ૫૯ મિનિટથી શરૂ થાય છે અને તે ૩૧ ઓગસ્ટે સવારે ૭ વાગ્યેને ૬ મિનિટ સુધી છે

। અમદાવાદ, તા.૨૯ ।

આ વર્ષે રક્ષાબંધનમાં રાખડી ૩૦ ઓગસ્ટે બાંધવી કે ૩૧ ઓગસ્ટના તેને લઈ ભારે મૂંઝવણ છે. મંદિરોમાં પણ અલગ અલગ દિવસે ઉજવણી કરવામાં આવી રહી છે. ડાકોરના રણછોડરાયજી મંદિર, દ્વારકા, શક્તિપીઠ અબાજીમાં રક્ષાબંધનની ઉજવણી ૩૧ ઓગસ્ટે થશે. જ્યારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં ૩૧ ઓગસ્ટે, જ્યારે ઈસ્કોન, હરેકૃષ્ણ મદિરમાં ૩૦મી તારીખે રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવશે. જો કે જ્યોતિષીઓનં માનવું છે કે શ્રાવણ સુદ પૂનમ આ વખતે ૩૦ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યેને ૫૯ મિનિટથી શરૂ થાય છે અને તે ૩૧ ઓગસ્ટે સવારે ૭ વાગ્યેને ૬ મિનિટ સુધી છે. ૩૦ ઓગસ્ટે રાત્રે ૯ વાગ્યાના ૫ મિનિટેથી ૧૦ વાગ્યાને ૫૫ મિનિટનો રાખડી બાંધવા માટે મૂહૂર્ત છે.

રક્ષાબંધન ૩૦ કે ૩૧ તારીખે છે, તેને લઈને લોકોમાં મતભેદ છે. પરંતુ જ્યોતિષ અને પંચાંગ અનુસાર શ્રાવણી અથવા સાવન પૂર્ણિમા તિથિ ૩૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૫૮ કલાકે શરૂ થઈ રહી છે અને ૩૧મી ઓગસ્ટના રોજ સવારે ૦૭:૦૫ કલાકે સમાપ્ત થશે. બીજી તરફ ૩૦ ઓગસ્ટે પૂર્ણિમા તિથિ સાથે ભદ્રકાળ પણ સવારે ૧૦:૫૮થી શરૂ થઈ રહ્યો છે, જે રાત્રે ૦૯:૦૨ સુધી ચાલશે. શાસ્ત્રોમાં ભદ્રકાળમાં રાખડી બાંધવી અશુભ માનવામાં આવે છે. બપોરનો સમય રાખડી બાંધવા માટે યોગ્ય છે. પરંતુ વર્ષ ૩૦ અને ૩૧ ઓગસ્ટના કોઈપણ દિવસે બપોરે રાખડી બાંધવાનો કોઈ શુભ સમય નથી.

તેથી, ૩૦ ઓગસ્ટના રોજ ભદ્રકાળની સમાપ્તિ પછી, તમે રાત્રે ૦૯:૦૩ થી ૩૧ ઓગસ્ટની સવારે ૭:૦૫ સુધી રાખડી બાંધી શકો છો. આ સમય રાખડી બાંધવા માટે યોગ્ય છે.

રાખડી બાંધવાનો શુભ સમય (રક્ષાબંધન શુભ મુહૂર્ત)


અમૃત સર્વોત્તમ મુહૂર્તઃ ૩૦ ઓગસ્ટ રાત્રે ૯.૩૪ થી ૧૦.૫૮ સુધી.

યોગ્ય સમયઃ ૩૦ ઓગસ્ટ રાત્રે ૦૯:૦૩ વાગ્યાથી ૩૧ ઓગસ્ટ સવારે ૦૭:૦૫ વાગ્યા સુધી.

ભદ્રકાળમાં શા માટે રાખડી ન બાંધીએ?

પૌરાણિક માન્યતા અનુસાર, એવું કહેવાય છે કે લંકાપતિ રાવણની બહેન શૂર્પણખાએ ભદ્રકાળમાં જ પોતાના ભાઈને રાખડી બાંધી હતી, જેના કારણે રાવણનો નાશ થયો હતો. આ માન્યતાના આધારે ભદ્રકાળમાં રાખડી ન બાંધવી જોઈએ. ભદ્રકાળમાં રાખડી બાંધવાથી ભાઈની ઉંમર ઓછી થાય છે અને ભાઈ પર આફત આવે છે.

રક્ષાબંધનનું નામ સંસ્કૃત પરિભાષા પરથી પડ્યું છે. આમાં ’રક્ષા’ એટલે રક્ષણ કરવું અને ’બંધન’ એટલે બાંધવું. તેથી જ આ દિવસે બહેનો તેમના ભાઈના કાંડા પર રક્ષાસૂત્ર બાંધે છે, જેને રાખડી પણ કહેવાય છે.







## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાંદખેડા ખાતે સીનીયર સીટીઝન પાર્કનો લોકાર્પણ કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે....જે અંતર્ગત આજરોજ પશ્ચિમ ઝોનના ચાંદખેડા વોર્ડમાં પેબલ-૨ની પાછળ નવા તૈયાર કરવામાં આવેલ “સીનીયર સીટીઝન પાર્ક”ના લોકાર્પણ તથા શેલગંગા પાણીની ટાંકી પાસે નવા તૈયાર કરવામાં આવેલ “પાર્ક”ના લોકાર્પણ તથા તેના “વૃન્દાવન પાર્ક” નામાભિધાન નો કાર્યક્રમ માનનીય મેયરશ્રી કિરીટકુમાર જીવનલાલ પરમાર ના વરદ હસ્તે રાખવામાં આવેલ.

આજ રોજ ચાંદખેડા ખાતે “સીનીયર સીટીઝન પાર્ક” તેમજ “વૃન્દાવન પાર્ક” ના લોકાર્પણ તેમજ નામાભિધાનનાં કાર્યક્રમ માન. મેયરશ્રી ના વરદ હસ્તે રાખાવામા આવેલ. આ કાર્યક્રમમાં માન. ધારાસભ્યશ્રી અલ્પેશભાઈ ઠાકોર, માન. ડે.મેયરશ્રી ગીતાબેન પટેલ, વિવિધ પદાધિકારીશ્રીઓ, ચેરમેનશ્રીઓ સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ તથા નગરજનો આ કાર્યક્રમમાં હાજર રહેલ.




## BRTS રુટ પર ૫ લોકોને અડફેટે લેનાર કાર ચાલકને PASA હેઠળ જેલમાં મોકલાયો

। સુરત, તા.૨૯ ।

સુરતમાં BRTS રુટ પર અકસ્માત સર્જનારા કાર ચાલકની સામે દાખલા રુપ કાર્યવાહી કરવામાં આવી છે. અકસ્માત સર્જનારા કાર ચાલકને પાસા હેઠળ ધકેલવામાં આવ્યો છે. અમદાવાદ સેન્ટ્રલ જેલમાં અકસ્માત સર્જનારા આરોપી કાર ચાલકને મોકલવામાં આવ્યો છે.સુરતમાં BRTS રુટ પર અકસ્માત સર્જનારા કાર ચાલકની સામે દાખલા રુપ કાર્યવાહી કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨